સુધારો કરનાર, કુધારો તજાવનાર;.

નીતિદર્શક પટેલ પુસ્તક.

નહિં વાંચો તો વહુવાશો, ને પાછળથી પસ્તાશો.

રચનાર

મોતીલાલ ભાંખાભાઈ પટેલ.

પાળજ તાલુકે બોરસદ, જીલ્લે ખેડાના રહીશ.

આવૃતી પેહેલી, પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

માણેકચોકમાં "વિજયપ્રવર્તક"—પ્રેસ.

સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

કિંમત ફક્ત ૦—૪—૦

૫૦૦૮

સુધારો કરનાર, કુધારો તજાવનાર;

નીતિદર્શક પટેલ પુસ્તક.

નહિં વાંચોતો વઢવારો, ને પાછળથી પસ્તારો.

રચનાર

મોતીલાલ ભીખાભાઇ પટેલ.

પાળજ, તાલુકે બોરસદ, જીલ્હે ખેડાના રહીશ.

અમદાવાદ.

માણેકચોકમાં "વિજયપ્રવર્त્તક"—પ્રેસ.

સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

કિંમત ફકત ૦—૪—૦

·ીતિદર્શક પટેલ પુસ્તક.

પ્રસ્તાવના.

મારા પ્રિય પટેલ બંધુઓ ? આપણી જ્ઞાતીમાં હાલ ઘણીક કુટેવ તથા ખોટા ખોટા ચાલ જોવામાં આવેછે. તથા ઘણા ખરા ભણવું તેનો ભૂલા પડયા જેવું, અને દીકરીને ભરદરીઆમાં ડુબાવી દેવી, તથા ખરચના અભિમાનમાં તણાઈજવું, અને ખોટી મોટાઇને વળગી રહેવું, એજ પોતાનું કર્તવ્ય સમજે છે. આવા આવા ખોટા ચાલ મારા જોવામાં આવવાથી કેટલાએકને રૂબરૂમાં ભાષણથી સમજાવવા માંડયું, પણ તેવી રીતે હરેક જગ્યાએ કરવું ઘણું મુશ્કેલ થઈ પડયું; માટે મારો વિચાર પુસ્તક બાહાર પાડવું એવો થયો, કે જેથી ગુણીયલ સદ્‌ગૃહસ્થો તે વાંચી તેમાંથી રમુજ તથા ગમતની સાથે સારો બોધ લઈ શકે. પ્રીય સદ્‌ગૃહસ્થો ! હું તો એક ટુંકી બુદ્ધિનો માણુસ છું, તેથી જોઇએ તેવા શબ્દો ન વપરાયા હોય અને કંઇક ચુક માલમ પડે, તો તે દરગુજર કરશો.

દોહરો.

આગુણી મન સમજે નહીં, દીલમાં ધરશે દાઝ;
ગુણીયલ નર સમજી જશે, કરશે મનમાં કાશ.
ભમરતો સમજે નહીં, અમર કેરી આશ;
ગાંડા ગંદા લોક તો, કરશે મારી હાશ.
પણ તે હાશ મારે નહીં, પડજો મૂરખ માથ;
ગ્રંથ કરૂં છું પ્રીતથી, લાજ નાથને હાથ.

છપય છંદ.

સમજાવવાને સાચ વાત મુખેથી કહું છું,
પવિત્ર પુરૂષો પાસ વચન ખેજ વદું છું;
કરી વિચાર અનેક ગ્રંથ બનાવી લીધો,
નાત સુધારા કાજ રચીને જાહેર કીધો;
સઉ જન સમજાવવા કારણે રચ્યું છે પુસ્તક પ્રીતથી,
ખરે મતલબ માંહી છે ભલી જુઓ વિચારી ચીત્તથી.

મોતીલાલ ભીખાભાઈ પટેલ.
પાળજ તાલુકે બોરસદના રહીશ.

પુસ્તકમાં આવતાં પાત્રો.

મોજઈદાસ—મતાદાર

અભણદાસ—તેનો મોટો દીકરો

વેપારચંદ—વાણીઓ–પટેલનો લેણદાર

ભોરદાસ—પટેલ.

ભુખણદાસ—પટેલનો વેહેવાઈ

કંકુબા—પટેલની દીકરી

ભુલાભાઈ—પટેલનો જમાઈ

ગધેસંગજી—મશ્કરો

ગોવીંદ—બ્રાહ્મણ

નીતિદર્શક પટેલ પુસ્તક.

———:o:———

પ્રિય પંટેલો ? આપને અપોશન દાખલ જે બોલ અર્પણ કરૂં છું તે તમો પ્રસાદની માફક આરોગી લ્યો. અને પછી વીચારો કે આ પ્રસાદ આપને કેવો ગળ્યો લાગે છે ? પણ જોજો ધ્યાન દૂર કરતા નહીં, નહીં તો તેમાંનો અમૃતનો કોઈ ભાગ રહી જશે તો પછી શું કરશો ? માટે ધ્યાન રાખજો.

હાલ આપણે મોટાબાપા કે બાપા કહેતાં તો જેનું પેટ ફૂલીને ફાળકો થઈ જાય તેની વાત કોરે મૂકીએ છીએ; પણ નાના બાપા કે જે કકામાં કે ખખામાં સમજતા નથી અને જેવા જનમ્યા તેવાજ પશુ પુંખીની માફક વૈતરૂં કરી જમ દૂતના ડંડાના વૈમાનમાં બેશી ચાલ્યા જાયછે; તેમની વાત કરીએ.

પણ તે બીચારો શું કરે તેમાં એનો કાંઈ વાંક નથી. કારણ કે તે તો બેન એટલું તો બોલતાં તો શીખ્યો ન હોય અને એનો બાપ કહેશે કે મારો હાહરો ત્યારનો રડરડ કરેસે, અને એની બેનનો ધણી બહુ પજવેસે. આવાં આવાં નીતિનાં વાકયોથી તેને પણ એવીજ નીતિ મળે છે. હીંડતાં શીખે એટલે વણકરના ઘરનું ખાદી કરતાં પણ જાડું લુગડું લાવી, એક પૈસો આપી, દરજીને ત્યાં શીવડાવી, ગળામાં ઘાલે તે ઘુઘરીઓ થતા સુધી પણ બદલવાની આશા નહીં. અને ઘુએ તેનો બાપ ઘોબી. તેમજ પટેલ બાઇ જાતે પણ એવાંજ કપડાં પેહેરવાના. પણ મોટા થયા પછી તો અંગ-

રખાની વાતજ શાની ? પછી તો અંગરખાનું નામપણ ભૂલી જાય. માથે ટોપી કે પાઘડીમાં સમજવાના નહીં, પણ ઘરેણાં ઘુઘરીઓથી ભરપૂર તેના પૂર્વજના વારાનું જુનું ધોતીઉં હોય તે માથે વીંટાળે, તોપણ પટેલભાઈ એવી ખોટી મોટાઈ ધરાવી હાથમાં કોદાળો કાકો, ખભે વાંશી ડોશી, કેડમાં ખરપડી કાકી, એવાં એવાં ભારે ભારે હથિયાર પકડી લાંબી ચાંચો વાળી બોખો પગમાં ઘાલી જાણે લડાઈમાં જતા હોય તેવા ડોળથી છાતી કાઢી પટેલ બાહાર નીકળી પડે. તો તેમનાં છોકરાં પણ તેવાં નીકળે તેમાં શી નવાઈ ? કહેવત છે કે "બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા."

વળી ઈતિરાજીનો તો પારજ નહીં, એક વખત ચકલા આગળ, ભુખણદાસ, ભુલાભાઇ, ભવાનીદાસ, કાળાભાઈ, કચરાભાઈ, કંઠોરદાસ, કુબેરદાસ, કરમીદાસ, નારણદાસ, નરોતમદાસ, નથુભાઈ, નરેરભાઈ, નાગરભાઈ, નાગજીભાઈ, ચીથરીદાસ વિગેરે બેઠા હતા. એવામાં મારે નરેરભાઈનું કામ હતું માટે હું ત્યાં જઈ ચડયો. એવામાં કોઈ આબરૂદાર ગૃહસ્થ ત્યાં થઇને જતો હશે; તેને દેખી વાંદરાની માફક સફેત (કાળા) મુખારવીંદવાળા બાપામાંથી ભુલાભાઈ બોલ્યા અલ્યો, ઓલ્યો, પેલો જુઓને કોક નાગો આવેસે, ગુમાનમાં ભુખણદાસ—એનો ચીયોક વહી ગયલો જાયસે. એતો મારો દીચરો પેલા અંબાલાલનો જમૈડો.

ભવાનીદાસ—આંહ માથે તોપી ચેવી ઘાલીસે ?

કચરાભાઇ—એતો દાર ખાવાનું સકોરૂ, વરી તોપી ચેવી હતી હશે ?

ભવાનીદાસ—અલ્યો કોઇએ જોયુંકે વળી સોતી ચેવી ઝાલીસે!

કઠોરદાસ—ધુંજામાં દાબલી ચેવા રાછીસે? અને વળી છાતીએ ધોળુ પૈડલુ ચેવુ બાંધ્યુ સે? શું કરે બિચારા કોઈ દહાડો ઘડીયાળનું નામ સાંભળ્યું હોય કે જોઈ હોય ત્યારે જાણે કની.

પૈડલું કહેતાંમાં તો પેલો માણસ પાસે આવેછે; એટલામાં તો બધા એકાએક નાહો મારા બાપ હેંડો આંયથી, નહીં તો હાપ કૈડશે, એમ કહી દોડી જાયછે.

જુઓ કેવા હીંમતવાન ?

પેલો ત્યા થઇને ગયો એટલે પાછા સૌ, પોતાની જગ્યાએ આવી બેઠા, પણ રસ્તો સીધો હતો માટે તેની છબી માલમ પડતી હતી તેથી

નારણભાઈ—અલ્યો હગલુતો જુઓ, કોહો વગર પેર્યુંસે તોય સુઝતું નથી. (કોટથી અજાણ્યા માટે.)

નરેરભાઈ—ચોઇનો ચેવો પેરાસે ?

નરોતમભાઈ—અલ્યો પગમાં કોથળીઓ શું કરવા ઘાલી હશે ? એટલામાં

નથુભાઈ—અલ્યા એનું નાંમતો મોજાં કહેવાય.

કરમીદાસ—ભાંજ બાંજ પીધીસે કે શું ? પાણી વગર તે મોજાં હોય ?

નથુભાઈ—ના ભાઈ તારે બાપે ભાંજતો નથી પીધી. એટલામાં બે જણ તાઇબાંને પઇનું, તાઇ માએ પઇનુ, વીગેરેથી ગાળમગાળા આવી વઢી પડેછે. એટલામાં બીજાઓ એ વારી તેમને શાંત પાડયા. અને નથુભાઇને પૂછવા લાગ્યા કે ભાઈ તમે એનું નાંગ ચ્યાંથી જાંણ્યો ?

નથુભાઇ—હું એક વખત મારા હાળાને તાં ડાંગરનું ગાડુ

ભરીને જતો, તે ડાંગર નાંખીને પાછો આવતો તો, એવામાં એક શપઇએ ગાડું વેઠે પકડયું, કારણ કે તાં આસેટણ્ય છાવ પડયાતા તેમનો મકાંમ ઉપડવાનો હતો. માટે અમેતો ગાડા સહીત પકડાયા. એવાં એવાંતો એટલાંય ગાડાં ભેગાં કર્યાંતાં. પછી કોઇમાં હવાલદાર બેઠા, કોઇમાં ડફેદાર બેઠા, કોઇમાં માલ ભર્યો, ને મારા ગાડાગાં છાવનો એક ધોબી ને એક કારકુન બેઠા. પછી અમેતો ગાડાં જોડયાં. પણ આપડેતો હઉની એડે ગાડું રાછયું; કયું મારા દીચરા જારે પોચશે તારે આપડે શું કરવા બળદને મારી-એ? એમ કરતાં કરતાં પેહેલાં શીયાળવાં બોલ્યાં [આટલી રાત ગઈ તેનો આવડેજ કયાંથી) એટલે બીજે ગકાંગ પોચ્યા. પછે કારકુન ઉતરીને ધોબીને કેવા લાગ્યો કે અલ્યા તેં મારા મોજા બરોબર ધોયા નથી માટે લે ફરી ધોઈ લાવજે એમ કહી મોજાં કાઢી આલ્યાં. તારથી એનું નામ મોજાં જાણ્યું, પછી તો બાવા રાંભ જાણે.

આવી રીતે નવરા બેઠાં બેઠાં ખોટી મોટાઈ ધારણ કરી નાગી બડાઇઓ મારવી, અને પોતે પશુની માફક અભણ સ્થિતિમાં રહી પોતાનાં છોકરાંને પણ અભણ રાખવાં, તથા મજુરી કરી આ દુનિઆનો પાર આણવો, એમજ સમજેલા છે. મેહેતાજી કે બીજો કોઈ સારો માણસ તેના છોકરાને ભણાવવા સંબંધી કહેતો તેની વાત ધ્યાનમાં નહીં રાખી કહેશે કે અમારે ચ્યાં નોકરી કરવા જ-વુંસે ? એની બે વીધાં ભોંય છેડી ખાશે તો બહુછે. આવી રીતે જવાબ આપેછે. પણ એમ નથી વિચારતા કે હાલતાં ચાલતાં ભણેલા માણસની જરૂર છે. વગર ભણેલો માણસ પોતાને નુકશાન ખમેછે, તેગજ પોતાના આખા કુટુંબને પણ નુકશાન કરેછે. ભણવાથી

વિવેક, સદ્ગુણ, વીગેરે મળેછે, તથા કોઇથી છેતરાતો નથી. કેળવણી મળવાથી શરીરે સ્વચ્છતા રાખવાની ટેવ પડેછે, તેથી શરીરનાં વાન વળેછે.

પટેલભાઈ ભણેલા નથી હોતા, તેથી કેટલું નુકશાન થાયછે તે નીચેના દષ્ટાંત ઉપરથી ધ્યાનમાં આવશે.

ખોજાઈદાસ કરીને એક પટેલ હશે તેને ચાર દીકરા હતા, તથા દશ વીઘાં જમીન હતી છોકરા મોટા થયા એટલે તેમને પરણાવ્યા, પછી ખોજાઇદાસ તો થોડી મુદતે ગુજરી ગયા, તેથી છોકરાઓએ બાપની મીલકત વેંહેંચી લીધી, અને જુદા રહ્યા, અને ખેતીનો હલ્લો કરવા મંડયા. મોટો દીકરો અભણદાસ મતાદાર થયો, કારણ કે તેનો બાપ પણ મતાદાર હતો. પટલાંણી પણ ઘરમાં હૈડફૈડ કરી રહ્યાં હતાં; પણ આંગણે ભેંસ મળે નહીં. પરંતુ એમના કરમમાં મજુરી તો ચોટેલીજ તેથી પટલને કહેછે કે મને એક દોણુ રાસી આલો. કારણ કે દોણુ રાખીશુ તો વેગ કરીશું, પેત ભરીશું, દહીં કરીશું, દૂધ ખઇશું, છાશ ખઇશુ ને છાંણ વહીશું, માતે મને દોણુનો લેઈ આલો. જુઓને આ છોરાંને દૂધ વગર ચેટલી આપદા પડેસે ! આવું સાંભળી અભણદાસ કહેછે કે હેંડો તારે લાઇએ, આપડે શી ખોતસે ? આપડે જે જોઇએ ને સે, બે ચાર સોકરાં સે, ને આ એક પચાશેકનું ઘરસે, ને અઢી વીઘાં ભુંઇસે, ને એક દોણુ લાઇએ એટલે મજા પડશે એવું કહી તુરત અભણદાસ તો વેપારચંદને ત્યાં ચાલ્યા. અને જઇને વેપારચંદને કહેછે કે શેય આજ તો તમારો ખરો ખપશે.

વેપારચંદ—પટલ ટમે એશું બોલ્યા; ટમાકુ કાંમરો અડઢી

ડાટે કડીએ. જે કાંમ હોય ટે નીડાંતે કાહો.

અભણદાસ—તમારા પરતાપ અગારે બધુ સે; પણ એક દાણુ નથીતે લાવવું સે, માટે પચાશેક ૩પીયા આપો તો સારૂ.

વેપારચંદ—ટાડે પટલ ટમે એમ કડો કે પંચાવન ડુપીયા લેઈ જાઓ અને ડાણુ લાવવાના છો; માટે ખાંદુ કાઢો.

અભણદાસ—ના ના ભઈછાબ પંચાવનથી વખતે દાણુ ના આવે માટે પુરેપુરા પચા આપોને.

વેપારચંદ—મન સાથે આ ઠીક ઠગવાનો લાગ મળ્યો છે માટે ગળતો નફો મૂકે તે મૂરખ. એમ જાણી કહેછે કે ના પટલ એટલાઠીટા બહુ સાડુ ડાણુ આવશે.

અભણદાસ—વારૂ તારે શેથ કાકા હું ચારે આવું ?

વેપારચંદ—ડોટલા ખેટલા ખાઇને આવજો. પણ જુઓ હમણાં સડકાડનો ઢાડો ઠયોછે ટે જાંણોછો ? માટે અમિને કાંઈ ટમાડો અણુવશ્વાસ નડી, પણ શું કડીએ ઢાડા પડમાંણે કડવું પડે છે, માટે એક બે જમાન લેટા આવજો. અમસ્ટા વઢાડે શું કડવા છે? અને વળી ટમને ટીકટનું ખડચ કયાં કડાવીએ ? એક સડકાડી કાગડ એક ડુપીઆનો લેટા આવજો. એટલે બશ કાડણ કે આપડેટા ઘડવટ જેવું છેકની.

અભણદાસ—વારૂ તારે શેથ કાકા હું રોટલા ખાઇને જમાંણને તેડીને તથા કાગળ લેઇને આવેશ. પણ બળ્યું તમે તો કોઈ દાડો વાડીએ પન આવતા નથી, કાલે વાડીએથી વંતાક મોકલતોતો પણ સોકરાં વેહેલાં ઘેર આવતાંર્યાં.

વેપારચંદ—કાલે ટો કાંઇ ખપ નોટો, પણ આવટી કાલે

અમાડે નાટ કડવાની છે માટે બહુ નહી જોઇટાં પણ અઢમણેક મોકલજો, જોજો વહાડે મોકલટા.

પટેલ મનગાં ફુલાતા ફુલાતા ઘેર ગયા. અને પછી જમી કરીને જમાંનખોળવા સારૂ તૈયાર થયા. અને પોતાની પાસે એક તેગનાથી પણ વધારે (મોઆરે પોહોચે તેટલી) આબરૂ વાળા અને તેમનાથી ચઢતી હવેલી (રૂપીઆ ૪૦ના ઝુંપડા) વાળા પટેલને જઈને કહેછે કે, મારે એક દોખુ લાવવું સે માટે હેંડોને વેપારચંદને તાંથી ઉપીઆ લેઇ આવીએ. કારણ કે મને કેછે કે તમે કોઇને જમાંણુ લેતા આવજો માટે તમે આવોનો સારૂ. પેલા પટલતો આટલું સાંભળી ફુલાઈ ગયા કે ઓહો ! આ કેવો મારો ઓશીઆળો થતો આવ્યો છે? પણ કોઈ વાણીયાની લુચ્ચાઈ સમજતા નથી. વાણીયાની લુચ્ચાઈ એકે જો દેવાદાર રૂપીઆ ન આપેતો જગાનને પકડે. વળી ઘણું કરીને જગાન થનારતો તેના લાગતા વળગતા વાળોજ હોય, તો અંદર અંદરનું બોલવું ઘણું સખત લાગે છે માટે તેની શરમથી પણ પેલો રૂપીઆ આપે માટે જમાંન લેછે, પછી પેલા પટલ અને જગાન બેઉ વેપારચંદને ત્યાં આવ્યા, અને શેડને કહેછે કે લો આ જમાંણુ લાયો અને કાગળપણ લાયો છું. પછી શેઠે રૂપીઆ પંચાવનનું ખત લખાવી લીધું તેમાં પટેલને સારી પેઠે બાંધી લીધા. સાનમાં ઘર પણ લખી લીધું, અને ખાંધાનું ખત લખાવી લીધું. આબરૂદાર માણસોની તેમાં સાક્ષીઓ કરાવી, પછી પટલને કહેછે કે જડા ડહીને આવો એટલે હું ડુપીઆ ગણી આપુછું. રહીને આવો, એમ કહેવાનું કારણ કે શેડના ઘરમાં પુરા રૂપીઆ નહોતા તથા થોડા પણા હતા તે પટેલ

બેઠા હોય તે વખતે કાઢવા નહીં એવો તેનો વિચાર હતો. કારણ કે પટેલ જાણે કે શેઠ ફલાણી જગાએ રૂપીઆ મૂકેછે તો વખતે કોઇની પાસે હાથ મરાવે. માટે વાયદો કર્યો. અને પટેલને કાઢી મૂક્યા પછી વેપારચંદને રૂપીઆ પૂરા કરી આપવાની ચીંતા પેઠી, અને ગામમાં જઇને પૂછવા લાગ્યા કે હુડચંદ ટમાડા ઘડમાં કેટલા રુપીઆ છે? ફુડચંડ ટમાડા ઘડમાં કેટલા છે? મલુકચંદ ટમાડા ઘડમાં કેટલા છે ? એમ પૂછી ગમે તેમ કરી રૂપીઆ પંચાવન તો પટેલને આપવાનો શેઠનો વિચાર નહોતો તોપણ વાણીઓ વિચારવંત તેથી વીચાર્યું કે પટેલ તો રાભા જેવોછે પણ વખતે કોઈ ભણેલો માણસ સાથે આવેતો લુચ્ચા ઠરીએ, માટે ભેગાતો બધા કરવા. એમ વિચાર કરી પંચાવન રૂપીઆનો મેળ થયો એટલે વેપારચંદ ઘેર આવ્યા. ત્યારે તો પટલ ઘેર આવીને બેઠા છે, પણ તે એકલાજ હતા તેથી વાણીઆભાઇએ જાણ્યું કે હવે વાર લગાડવામાં માલ નથી, માટે તુરત આઠ પંચોરાં પટેલના હાથમાં મૂકી પટેલને કહેછે કે પોટલી બાંઢો. એટો ચપળ જાટ માટે કંઇક પડી જાય, એમ કહી પોટલી બંધાવેછે, અને પછી વેપારચંદ હીસાબ ગણાવેછે.

આઠ પંચાં પીસટાળીશ, ને પાંચ કડજો ટમાડા ઘડના, ને પાંચ ચડાવાના, એ બઢા મળી પંચાવન થયા; ટે પંચાવનનું આપણે ખટ લખ્યું છે. પણ પટલ હવે વળી બાકીડાખીને શું કામછે ? પાંચ ચઢાવાના ટે અમને પાછા આપો, એટલે ટેટો માંહી ગણી લેઇશું એટલે પછી ચોખો હીસાબ. એમ કહી પટેલ પાસેથી પાંચ રૂપીઆ પાછા લેછે, અને પછી કહેછે કે જુઓ આપડે પંચાવનનું

ખટ લખ્યું છે. માટે મહીને મહીને પાંચ પાંચ રુપીઆ ભરજો, એટલે અગીઆડ મહીને ખાંઢુ વળી જશે ને ડોબુ નફામાં પડ્યું રહેશે. આ નફો સાંભળી પટલ તો કોઈની પાસે હીસાબ ગણાવો ભૂલી જઈ બારોબાર ફુલાતા ફુલાતા ઘેર ગયા. અને પટલાંણીને કહેછે કે લો આ રૂપીઆ લાગો; જુઓ હવે આપડે દોબુ લાવતાં કાંઇવાર નથી. પણ જુઓ શેથને ઘેર શાક બાક પોચાડતાં રેજો; શેથે આપડી એવી ભીડ કાઢીસે? એમ કહી પટલ ભેંસ લેવા જવાની તૈયારી કરવા માંડેછે; અને પાછળ બતાવ્યા પ્રમાણે ઉત્તમ ઘુઘરીઓ વાળો પોશાક પેહેરી તથા ચામડાની ખોખોમાં પગ ઘાલી તૈયાર થાયછે, પણ ભાન નહીં કે રસ્તે કાંઈ ખાવાને જોઇશું કે નહીં. તેથી પટલાણી કહેછે કે રસ્તે ભૂખ લાગશે માટે ઉભા રહો કાંઈ ખાવાનું કરી આપું. એમ કહી લોઢી ઉપર તેલ ચોપડી એક મીઠા મરચાવાળો રોટલો (ઢેબરૂં) કરી આપેછે; તે લઈ રૂપીઆ કેડે બાંધી સારા શુકન જોઈ પટેલ ભેંસ ખોળવા ચાલ્યા. જતાં જતાં એક મોટું ગામ આવ્યું, ત્યાં તજવીજ કરતાં ખબર પડી કે નાગજી પટેલને ત્યાં ભેંસ વેચવાની છે. તેથી તેમને ત્યાં જઈ અભણુદાસે પૂછ્યું કે તમારે દોબુ વેચવાનું સેકે?

નાગજીપટેલ—વેચવાનું તો સે પણ એની કેંમત તમારાથી ખરચાય એમ નથી.

અભણુદાસ—પણ બોલોતો ખરા શું લેશો?

નાગજી પટેલ—એ માલના રૂપીઆ ત્રીસ લેવાના.

અભણુદાસ—ના ભાઈ એટલા બધા તો અમારી નજરમાં નથી આવતા, પણ હું તો રૂપીઆ પંચાવન આપું; જો તમારી

મરજી હોયતો આલો નહીંતો તમારો માલછે.આ રગઝક સાંભળી એક પટેલ રસ્તેથી જતો હતો તેણે જાણ્યું કે આ શું છે? એમ જાણી ત્યાં આવી ઉભો, તો ખબર પડી કે આતો ભેંસનું મૂલ ઠરાવે છે. પછી નાગજીએ કહ્યું કે આપણે બેઉ રહ્યા; આ તરાહ માણુસ કહેં તે ખરૂં. પચ ઠર્યા જાણી પેલા ભાઈ તો એકદમ બોલી ઉઠયા કે તમારી પંચાત રહી અને એમની પણ રહી. મારી નજરમાં તો એના શાતેર રૂપીઆ આવેછે. પછી પટેલે રૂપીયાની પોટલી ત્રીજા માણુસને આપી કહ્યું કે લો, ગણી આપો. પેલાએ રૂપીઆ કાઢી ગણ્યાતો પાંત્રીશ થયા કારણ કે વાણીયા ભાઇએ પંચાવનનો હીસાબ ગણાવી પાંત્રીશજ આપ્યા હતા.તે રૂપીઆ ભેંસ વાળાને ગણી આપવા માંડયા અને પાંત્રીશ રૂપીઆ હાથમાં મૂકી કહ્યુ કે પાંત્રીશદુ સીતેર તે તમારા શાતેર થઈ રહ્યા, એમ કહી પટેલને ડોબુ છોડાવી આપ્યું. પાછળ પાડી હતી તે પણ છોડાવી આપી. પટેલ ડોબાને હાકીને તથા પાડીને તેડીને ઘેર આવ્યા. પટલાંણીતો ખુશી ખુશી બની ગયાં. ઉને પાણીએ નવરાવ્યા, અને સારી ઉની બાવટાના લોટની રાબ પટેલને પાઈ.

પછી પટેલ ભેંસના ખોરાક વીગેરેનો સામાન લાવ્યા, અને માસ એક વીતી ગયો તેથી વેપારચંદતો બાંધાની ઉઘરાણી કરવા આવ્યા, તે વખતે પટેલ નિચે મુજબ જવાબ દેછે.

અભણદાસ—શેથ ચમ આયા ?

વેપારચંદ—મહીનો ઠઈ ગયો ટોય હજુ ટમે ખાંદુ ભડી જટા નઠી.

અભણદાસ—હવે ભરી જઇએ સીએ શું વહી જાયસે !

વેપારચંદ—પણ પટલ ઘડમાંથી પેહેલા ડોકડા કાઢીને આ-પ્યાછે ટે કાકો માગેછે. માટે લાવો નહીં ટો ઘી આપો.

અભણદાસ—સુ ખઇતો નથી જવાના ? તે આટલી બધી ઉતાવળ કરોછો. તમારા રૂપીઆ આલીશું,

વેપારચંદ—આપશો ટેટો ખડા પણ અમાડેટો બીજાને આપવા છે ટેને શો જવાબ ડેઇએ ? માટે ચટ રુપીયા લાવો. એમ કહી બારણા આગળ બેસેછે.

જોઇલ્યો જગતના બાવારે ધર્યો વેશ ધુતીને ખાવા.

લેણું લેવાતો પટલ વેહેલા આવે ને વાણીડાને ઘેર જાય;

શેઠ કાડી જ્યારે ઉઘરાણી આવે ત્યારે લઈ રણધુને પટેલ ધાય,

રશેઠ તમે પાછા ફરોનેરે આવ્યો કલજુગ કાકોરે. ટેક.

ફુલાશો મારી મારી ફાટી ગયાને ગર્વ તણો નહીં પાર;
કણબી કાકા મોટા કોશજ તાણેને માથે મૂકે મણભાર. શે૦
કણબી કાકા રૂડુ કતરાતું જુએને કરે વાંણીડાની વેઠ;
પટલાંણી કાકી રૂડાં પોહોળાં ચાલેને આગળ હાંડીશું પેટ. શે૦
કલજુગના કણબી ઉંચા હીંડેને વાતો કરેછે મોટી;
વાતો કરેથી પટલ શું છે વળવાનું ઘરમાં નથી હોતી રોટી. શે૦
હાલના વાણીયા ધુતી ખાનારા વ્યાજ તણા લોભી;
સીતાનો સ્વામી એતો સારૂં કરેછે ભલા ગળેછે ભોગી. "
શેઠ તમે પાછા ફરોનેરે આવ્યો કળજુગ કાકોરે.

શેઠ લગાર વધારે બોલવા લાગ્યા એટલે પટેલભાઇનો મીજાજ ગયો, અને બાયડીને કહેછે કે લાય રાંડ પેલું ગાડાનું આડું પડયું તું તે ચ્યાં જ્યું ? લાય હું એને રૂપીઆ આલું. આવું સાંભળી વાણી-

પાજાઇનો ત્યાંથી મૂકીઓવાળીને નાઠા તે પાછળ જોવા પણ ના રહ્યા, અને જોડા પેહેરવા પણ ભૂલી ગયા, અને ઉડયા એવા બારેબાર જમાનને ત્યાં ગયા અને કહેછે કે ટમાડા અભણદાસને ટેડાડે ટમે રુપીઆ અપાવ્યા હટા ટેટો નામકડ જાયછે અને અમેટો ટગનેજ આપ્યાટા, કાંઈ ટેમને નોટા આપ્યા. માટે અમાડે ટો ટમે ઢણી, માટે રુપીઆ લાવો. પેલા જમાનીદાર એવું સાંભળી અભણદાસને ત્યાં ગયા અને કહેછે કે ચમ શેથના ઉપીયા આલતો નથી ? તે દાડે હારા લાવ્યાતા? એમ કહી એક બે હાંકારા દુંકારા કરેછે, પીત્રાણનું એવું બોલવું સાંભળી પેલો શરમાઈ જાયછે, અને રૂપીઆ આપવાનું કબુલ કરેછે. એટલે વાણીયો બીજા ત્રણ ચાર સાક્ષીને પાસે રાખી કબુલ કરાવે છે; તેમાં એક સોની વચ્ચે આવી ગયો તે નિચે મુજબ કહેછે.

મનહર છંદ.

પટેલતો સાંભળોને દેવુંતો વધારોછો,
ચોરેતો પલાંઠી મારી બડાશો બજારોછો;
નમારે નસીબે કરી ભીડ ઘણેરી વેઠોછો,
લોક ટોકે માટે જરા લૂગડું લપેટોછો;
મોટી મોટી વાતો કરી ફુલાશોમાંહ્ય ફરોછો,
સાચું કહું શીદ તમે અભિમાને મરોછો;
કોદાળો ખભે કરીને ખેતરોમાં માહાલોછો,
રોફ મારવાને માટે ધીમે ધીમે ચાલોછો.
બઈરી બિચારી પાસે વાસઇદાં વળાવોછો,
રૂપાળા શલાને માટે થોભીઆ મુકાવોછો;

લોક તણું નાણું દેખી અદેખાઇએ મરોછો,
બગદોઈ ખૂબ કરી પાપે પેટ ભરોછો;
ખાવા પીવા મળે નહીં લૂગડાંજ પેહેરોછો,
પટેલ થવાને માટે ચોરે જઇને બેસોછો;
મોતીલાલ કહે હુંતો મુખેથી કહી જાણુંછું,
પ્રભુના પ્રતાપથીજ અલ્પમતિ ભાણુંછું.

વાહ ! ઉપરની સોની ભાઇની શીખામણ સારી છે પણ તે શું? ભેંસના મોઢા આગળ ભાગવત કહેવા જેવુંછે. સમજે તેને શીખામણ નહીંતો પછી અકળામણ, ઉપર મુજબ બેત્રણ સાક્ષીઓને રાખી વાણીયાભાઈ પોતાને ઘેર ગયા, પછી આઠ માસ લગી પટેલે કાંધું ભર્યું; પછીતો ભેંસ દેતી બંધ પડી માટે રૂપીઆ પંદર બાકી રહ્યા; તેથી વ્યાજ ગણી શેઠે પચીસ કર્યા. અને તેનું બીજું ખત લખાવી લીધું. તેનું વ્યાજ તથા મુદલ પટેલ કાંઈ આપતા રહ્યા નહીં, તેથી કહેવત છે કે "વ્યાજને ઘોડા પણ ન પહોચે" અને પટેલભાઇ ભણ્યા વગરના તેથી છપન દોઢુ છયાશી ને બે મૂક્યા છૂટના એમ કરી ચોરાશી, એવી રીતે આડાઅવળી કરી પટેલની બધી જમીન લખાવી લીધી. અને તે સાંથે ખેડવા આપી. પટેલનેજ. પટેલ સાંથ પણ ભરી શકયા નહીં; તેથી આખરે ઘર વેચાણ કરી લીધું. અને પટેલને ભીખ માગતા કર્યા. જુઓ પટેલ ભાઈની કેવી રૂપાળી દશા થઈ, ઘર ખોયું, ખેતર ખોયું, ને વાંકાબોલા ઠરી આબરૂ ખોઈ. પણ આ બધું થવાનું મૂળ કારણ તે ભણેલા નહીં તેથીજ. આવી રીતે વારંવાર થાયછે, પોતાની નજરે જુએછે પણ પટેલને તે સબંધી કાંઈ ભાસ થતો નથી; અને પાછા તેજ માર્ગે ચાલ્યા જાયછે.

ઉપરની વાતથી જણાય છે કે વાણીઆભાઈ તો ભણેલા અને પટેલને તો મીડું વાળતાં પણ ન આવડે. તેથી લેણદારને ગમે તેમ ઠગવાનો લાગ મળેછે, અને આંટાઘુંટા કરી દેવાદારને જાહેરમાં લૂટી લેછે. પણ જો પટેલભાઈ જાતે ભણેલા હોય તો ઉપર કહ્યા મુજબ કાંઈ કરે નહિં, અને સારી કેળવણી લઈ પોતાના પરિવારને સારી સ્થિતિમાં આણી શકે. હું એમ નથી કહેતો કે બૂટ સ્ટૉકિંગ વીગેરે પેહેરવું, પણ ઘટે તે પ્રમાણે અને ખોટું ન દેખાય તેમ શોભાશોભિકો દરવેશ પેહેરવો. વગર વિચાર્યું દેવું કરવું નહિં, તેમ નહીં કરવાથી કેવી વિપત્તિ પડેછે તે આપણને ઉપરની વાત ઉપરથી સ્પષ્ટ જણાય છે.

વળી આટલું આટલું વીતે છે, તોપણ અભિમાનમાં તો તણાઈજ જવાના. 'હાથમાં નમળે કોડી ને બજાર વચ્ચે દોડી" તેની માફક મોટા બા થવાને ઘણું ખરચ કરી સારો મોટો જબરો સગો શોધી કાઢી પાછળથી કેવા દુઃખમાં પડેછે તે નિચેના દ્રષ્ટાંત ઉપરથી માલમ પડશે. (હવે મોટા બાપાની વાત કરીએ)

એક વખત એક વાણીઓ તથા બ્રાહ્મણ અને પંદર વીશેક મોટા ગામના પટેલો વીચાર કરી વન લીલા જોવા ચાલ્યા. ચાલતાં ચાલતાં ઉનાળાની રૂતુને લીધે તાપ વધારે લાગવા માંડયો, તથા તરસ પણ લાગી, તેથી એક સુંદર વડ તળે આરામ લેવાને બેઠા. અને નજીક એક વાવ હતી તેમાંથી પાણી પીને ઠંડા થયા. એવામાં એક પટેલ ઘોડો હંક્રાવતા હંક્રાવતા ત્યાં આવી પહોચ્યા અને સારી બેઠક જોઈ તેમને પણ આરામ લેવાનું મન થયું; તેથી પોતે પણ ત્યાં બેઠા. પવનના ઝપાટાથી પરશેવો દૂર થઈ પટેલ શાંત પડ્યા એટલે વાણીયાએ પૂછ્યું પટેલ ! ટમે ક્યાંથી આવોછો ને ટમારૂ નામ શું?

પટેલ—અમારૂં ગાંમ ગોતા ને નામ તો ભાઈ બોરદાસ છે.

બ્રાહ્મણ—પણ વારૂ પટેલ આટલા બધા નરમ કેમ જણાઓ છો!

પટેલ—શું કરીએ ભાઈ, દીકરીયે દેવાના દરીયામાં ડુબાવી દીધા છે.

બ્રાહ્મણ--કેમ વારૂ એ તમારી શમસ્યામાં હું સમજ્યો નહિં, માટે અમને ચોખુ શમજાવો.

પટેલ—આજથી આશરે આઠ વરસ ઉપર હું ઘોડા ઉપર બેશી મારા એક ગીત્રને ગામ જતો હતો, તે ગામ મારા ગામથી ૧૦ ગાઉ થાય માટે જમીને નીકળ્યો હતો, ગાઉ ચારેકને આશરે આવ્યો એટલામાં એક માણસ ઘોડા ઉપર બેશી મારી પાછળ આવતો હતો, તેણે મને દેખીને ઘોડો એવો તો દોડાવ્યો હતો કે જાણે ઘોડા સુદ્ધાં તે ભાઈ હમણાં પૃથ્વીમાં પેશી જશે. પડઘીનો અવાજ સાંભળી મેં પાછું જોયું એટલામાં તો ઘોડો દડગજલ કરતો મારી પાસે આવી પોહોચ્યો. મારે માથે પટેલની પાઘડી દેખી તેમણે પોતાનો ઘોડો મારી પાસે આવતાંજ અટકાવ્યો; અને મને પૂછવા લાગ્યા કે પટેલ તમારૂં કયું ગામ? શું નામ? ક્યાં ગયા હતા? અને ક્યાં જાઓ છો? આવું સાંભળી હું તો સજડ થઈ ગયો; કારણ કે તે જાતે પટેલ હતા પણ તેમનો રોફ એટલો હતો કે જાણે કોઈ મોટો અધિકારી ન હોય! પટેલના પુછ્યાનો હું તો જવાબજ આપી શક્યો નહિં, કારણ કે મારા મન સાથે હું વિચાર કરવા લાગ્યો કે મેં કોઈની ચોરી કે ખૂન કર્યું નથી છતાં તે સાહેબ મને શા માટે પૂછતા હશે? પણ લગાર વિચાર કરતાં માલમ પડ્યું કે આતો કોઈક મોટા ઘરનો પટેલ છે, કારણ કે અધિકારી હોય તો સાથે પોલીસનું માણસ પણ હોય, એમ જાણી મેં જવાબ આપ્યો

કે મારૂં ગામ ગોવાને નામ મોહનદાસ. પછી મેં પણ તેમનું નામ ઠામ પૂછ્યું. અને પછી વાતો કરતા કરતા ધીમે ધીમે ઘોડો ચલાવતા અને રસ્તો કાપતા. બંને જણ ચાલ્યા, રસ્તે પટેલ તો ઘોડાને હું ન જાણું તેમ એડી મારે અને વળી મારી સાથે રહેવાને ઘોડાને પકડી રાખે. એમ જણાવવાને કે મારો ઘોડો બહુ પાણીવાળો છે. એમ કરતાં કરતાં પટેલનું ગામ આવ્યું. દહાડો બે ઘડી રહ્યો હતો, અને મારા મિત્રનું ગામ પેલી તરફ ચાર ગાઉ હતું, તેથી મેંતો રજા માગવા માંડી, પણ પટેલ ભાઇએ તો ઘોડા ઉપર બેઠાં બેઠાં મારા ઘોડાની લગામ પકડી, અને સોગન દઇ પોતાને ઘેર તેડી ગયા. જતાં જોઇએ છીએ તો બારણા આગળ એક છડીદાર ઉભેલો હતો, તેણે ઉતરતાં તુરતજ અમારા બેઉના ઘોડા પકડી લીધા, અને બીજો માણસ જાણે સામો તેડવા આવતો હોય તેમ આવી અમને ઘરમાં તેડી ગયો. અને બેઠકના ઓરડામાં મને અને પટેલને લેઈ ગયો ત્યાં જોઉં છું તો જાણે ઇંદ્રપૂરીજ અહીં આવી ગઇ હોયની ? સારાં બીછાનાં પાથરી દીધાં હતાં, તે ઉપર વચ્ચે એક મોટું ગોળ ટેબલ હતું, તે ઉપર વાઘ ચમર સરસ નાંખેલું હતું, ભીંતની સાથે ખુરશીઓની હાર સરસ કરી દીધી હતી તેમાં કેટલીક આરામ ચેર, કેટલીક હાથા વાળી, કેટલીક છૂટી, કેટલીક વળે તેવી, કેટલીક શીશમની તથા કેટલીક રૂપેરી પણહતી. ઉપર છટ જડેલી હતી. તેમાં એક સરસ ઝુમર ભરવી દીધેલું હતું, હાંડીઓ પણ ભરવેલી હતી, ભીંતે તકતા પણ સરસ જડેલા હતા, પાટીયા ઉપર સરસ કાચનો તરેહવાર સામાન ગોઠવી દીધેલો હતો. એક પાટીયા ઉપર તો સોનેરી શાહીના નાગ-

વાળાં સરસ પુસ્તકો ગોઠવી દીધાં હતાં, એક સરસ વાગતું ઘડીયાળ પણ હતું, અને વળી તે એસારામ વાળું હતું, તે ઉપર પીછાં ખોશી શોભાયમાન બનાવ્યું હતું, તેની સામો એક મોટો મોં જોવાનો તકતો હતો, તેમાં જોવાથી આખા ઓરડાનો ચીતાર માલમ પડતો હતો, તેથી જાણે પેલી તરફ બીજો એવોજ ઓરડો હોય તેવું દેખાતું હતું. ખૂણામાં કાચનાં બારણાં વાળું ચીપીને ભરેલાં લૂગડાંનું એક કબાટ હતું, તે તેની શોભામાં ખૂબ ઉમેરો કરતું હતું. આ બધું જોઈ હું તો સ્તબ્ધ બની ગયો. પણ એટલામાં તો એક માણસે આવી પાણીનો લોટો તથા પ્યાલુ ભરીને મારા મોં આગળ મૂક્યું. વળી બીજો એક માણસ આવ્યો તેણે હુકો ભરી આપ્યો. તેની નેહે જોઇ હોય તો નવ ગજતો લાંબી હતી.

હુકો પીધા પછી પાનસોપારી પણ આપ્યાં. એટલામાં તો એક માણસ આવીને કહેછે કે ચાલો સાહેબ નાહાવાનું પાણી તૈયાર થયું, તેથી હું તો ઉઠયો એટલામાં ધાંયઝાભાઈ આવ્યા તેમણે મને ખૂબ ચોળીને નવરાવી દીધો, પછી મને રસોડામાં લઈ ગયા, તો તેની ગોઠવણથી પણ હું અજબ થઇ ગયો કે વાહ ! ઘર કેવું સારૂં કર્યુંછે ! મારે માટે એક સરસ પાટલો નાંખી દીધો, અને થાળ મૂકયો તે ઘડીએ તો મને આંખે અંધારાં આવ્યાં. આવી વાત કરેછે એટલામાં તો એક માણસ ગધેડા ઉપર બેશી તે ટોળા તરફ આવતો માલમ પડયો; તેણે પોષાક સારો પેહેર્યો હતો પણ બેઠો હતો ગધેડા ઉપર. તેથી ચકીત થઈ સઉ તેના તરફ જોવા લાગ્યા. એટલામાં તો તે માણસ ટોળા નજીક આવી પહોંચ્યો; અને ગધેડેથી ઊતરી ગધેડાને હાંકી મૂક્યો. એ-

ટલે બ્રાહ્મણે કહ્યું કે આવો પ્રજાપત ! પેલો માણસ પહેલો તો ઝં-
ખવાણો પડી ગયો અને કોરે બેઠો. પણ પછી પ્રજાપત કહેનારને કહે
કે ભાઈ પ્રજાપત તેનો અર્થ તમે સમજો છો ? પ્રજાના પતિ એટલે
પ્રજાના ધણી. અને પ્રજાના ધણી તેતો રાજા. આવો ઉંધો અર્થ
સમજાવ્યો, પણ પેલા બીચારા કોઈ કાંઈ બોલ્યા નહિ, કારણ કે
કશું સમજતા નહોતા. પણ આટલું કહી તે બેશી રહ્યો નહીં,
પણ પ્રજાપત કહેનારને તો એવો ઝડીમાં લેવા માંડયો કે કેમ
ભાઇ હું ગધેડા ઉપર બેઠો માટે શું કુંભાર ઠર્યો ? તમે શું સમજો ?
સિંધ કરીને એક દેશ છે ત્યાં તો મોટા મોટા અમીરો પણ ગધેડા
ઉપર બેસેછે તો આપણે શી લાજછે ? અને લાજ ગણતાં હોતો
ભલે! પણ કાંઈ એ મારા ઘરનો ગધેડો નથી. મારે ત્યાં તો આ-
ઠસેં આરબી ઘોડા છે. કારણ કે હું તો દરબારનો મશ્કરો છું.
તેથી મારે કાંઈ ખોટ નથી, પણ આતો હું તો અમસ્તોજ પગે ચાલી
નીકળ્યો હતો, પણ ચાલતાં ચાલતાં થાક લાગ્યો માટે રસ્તેથી પકડી
તે ઉપર બેશી ગયો તો અહીં સુધી નીરાંતે આવી પોહોચ્યો. હવે
ગામ નજીક છે તેથી દરબારને નામે જોઈશું તેટલી વેઠ નીકળશે.
જુઓ હું કેવો અધીકારી કે મારે માટે વેઠ નીકળે? તેને બદલે
તમે મને પ્રજાપત કહેતા હતા કેમ વારૂ ? આંખો લગાર લાલ જોઈ.

વાણીઓ—ભાઈ એટો ગાંડા છે, આવોને ટમે આવ્યા ટો
અમારે સારૂ ઠયું. ટમે રાજાના માણુસછો ટો અમારે અહીં વગડામાં
કશી બીક નઠી, અને વળી ટમે મશ્કરાજી છો માટે લગાર ગમટ
પડશે. એમ કહી પાણીપાઈ શાંત પાડયા. અને પટેલને કહે છે
કે પટેલ હવે આપણે ગમટ પડશે માટે ટમારી વાટ ચાલટી કરો.

પટેલ—તે થાળી જોઇ મને તો અંધારાં આવી ગયાં.

મશ્કરો—પટેલ દેખાછો ને એવું શા માટે કહો છો ?

પટેલ—એ તો તે વખત એમ લાગ્યું કારણ કે એવી થાળી મેં મારા જનમારામાં પણ જોઇ નહોતી, અંદર બત્રીસી રસોઈ પીરસી દીધેલી હતી, તરેહ તરેહ વારનાં શાક પણ મુકેલાં હતાં. કંસાર પણ કર્યા હતો, અમેતો જઇને પાટલા ઉપર બેઠા એટલે પટલાણી આઘુ ઓઢી અમને ઘી પીરસવા આવ્યાં તે એટલું બધુ રેડયું કે આજુબાજુ શાક પીરસેલાં હતાં તેમાં પણ જતું રહ્યું.

બ્રાહ્મણ—પટેલ આઘુ શા માટે ઓઢયું હશે? જાતે નાગર બ્રાહ્મણ હતો અને નાગરમાં લાજનો રીવાજ નથી માટે એમ પૂછયું.

પટેલ—એ તો અમારી નાતમાં રીવાજ છે કે બઇરી એ કોઇ મોટા માણસનો મલાજો રાખવો જોઇએ.

મશ્કરો—ના, એમતો નહિં પણ હુ એનું કારણ સમજાવું, કોઇને ત્યાં કંઈ વિવાહ વિગેરે ખુશીનો અવસર હોય છે ત્યારે સૌ ખુશીથી હરે છે ફરે છે, અને કોઇ મરી જાય છે ત્યારે આઘુ ઓઢી મોં વાળે છે, અગર કોઈનું મોં જોવું ન ગમે ત્યારે આપણે આડો રસ્તો લઇએ છીએ. તેમજ બઇરીઓને માટે પણ તેમની નાતમાં એમ હશે કે ધણી એકલો હોય ત્યારે ખુશીથી તેની સાથે વાત ચીત કરે, બોલે ચાલે, અને કોઈકને દેખે કે તુરત ધણીના નામનું મોં ઢાંકે, આતે કેવી ગાંડાઈ! સસરાને કે જેઠને જોયો કે જાણે તેનો બાપ માર્યો હોય તેમ ખુણે ખોચરે પેશી

જાય, અને કોઈ પરભાર્યો રસ્તેથી ભીખારી જતો હોય તો તેનું મોં સુખેથી જુએ. અને જાણે ઘરનાં કે સગાં વહાલાંનું મોં જાવું ન ગમતું હોય તેની માફક મોં સંતાડે, પણ પાછી લુચ્ચાઈ કેવી કે મોં સંતાડે છે એમ કહેવાય, અને ગમે તે યુક્તિથી તેનું મોં તો જોયા વગર રહેજ નહીં. માટે પટલ અમે તો એમ સમજીએ છીએ કે તમારૂં મોં જોવું ગમ્યું નહીં હોય તેથી આધું ઓઢેલું.

પટેલ—ભાઈ તમે દરબારમાં રહેલાછો, માટે અમારાથી કાંઈ તમને પોહોંચાય તેવું છે ? માટે ચાલો એમ.

પછી હું તો થાળીનાંનો બધો બોઝને શેર બે એકને આશરે હતો તે ચટ કરી ગયો. અને ખુબ ધરાઈ ગયો તેથી ફરીને કાંઈ લીધુંજ નહીં, જમી ઉઠયો કે તુરત બેઠકના ઓરડામાં ગયો, ત્યાં તે ઓરડો દીવાથી ઝાકઝમાળ થઈ રહયો હતો, પટેલ પણ પાસે આવીને બેઠા; એક ચાકરે પાન સોપારી આણી દીધાં, ગુમાસ્તાએ પાન કર્યાં, તે અમે ખાધાં, અને હુકો પીધો. ખૂબ ખાધેલું તેથી ઝોકાં આવવા માંડયાં, અને બગાસાં પણ આવવા માંડયાં. કહેવતછે કે " ઉંઘે બગાસું મોકલ્યું જા બગાસા તું; તારૂં કહ્યું નહીં કરેતો ઢાળી પાડીશ હું."

તેથી હું તો ઉભો થયો એટલે પટેલ સમજ્યા કે હવે પટેલને ઊંઘવાનો વખત થયો, તેથી એક સરસ પલંગ બીછાવી દીધો હતો ત્યાં લઈ જઈ મને સૂવાર્યો. સૂતા એટલે ઝટ ઉંઘ આવી ગઈ. પણ પછી રાત મોંક ગઈ એટલે મને સ્વપ્નું આવ્યું કે જાણે હું નદીમાં તણાયો; તેથી એકદમ ઝબકી ઉઠયો. ત્યાર પછી મને જરાએ ઉંઘ આવી નહીં, પણ વિચારમાંને વિચારમાં આખી

રાત ગાળી.

બ્રાહ્મણ—એવા કેવા વિચાર આવ્યા કે તેમાં આખી રાત વીતી ગઈ.

ભોરદાસ—પ્રથમ તો મને એમ વિચાર આવ્યો કે આ સ્વપ્નું શાથી આવ્યું હશે ? પણ તેતો કાંઈ માલમ પડયું નહિં. તેથી મનવાળી જંપી જવાનો વિચાર કર્યો, પણ ઊંઘ આવી નહિં. તેથી વિચાર ઉત્પન્ન થયો કે મારે એકની એક છોડી છે તે મારે તો છ છોકરા બરોબર છે અને પરમેશ્વરની કૃપાથી ધનપણ પુષ્કળ છે, માટે એ ધન છોડીની પાછળ વાપરૂં અને સારો મોટો સગો બારણા આગળ લાવું તો સારૂં. એમ વિચારી તેજ પટેલના દીકરા સાથે મારી દીકરીનું લગન કરવાનો વિચાર થયો. તેની દોલત જોઇ મને એમજ લાગ્યું કે ઇશ્વર આટલો જોગ મેળવે તો બહુ સારૂં. એવો વિચાર કરતો હતો તેવામાં સૂરજની સવારી આવી પોહોચવાથી અરૂણ ઉદય થયો. અને હું ખાટલામાં બેઠો થયો, એટલામાં તો એક ચાકરે પાણીનો લોટો આણી આપ્યો, દાતણ પાણી કર્યું. પછી લાગ આવ્યો ત્યારે યુક્તિથી ચાકરને પટેલનું નામ ઠામ પૂછી લીધું. જો એમને એમ પૂછું તો મારી કીંમત કરી જાય કે નામતો જાણતા નથી અને કેમ આવ્યા હશે ? બધી તજવીજ કરતાં જણાયું કે ગામનું નામ દુર્ગુણપૂરી પટેલનું નામ ભૂખણદાસ, અને બીજા બે છોકરા હતા તેમનું નામતો પૂછ્યું નહીં પણ ચાકરને પૂછવાથી જણાયું હતું કે નાનો દીકરો એક કુંવારો છે તેમનું નામ ભૂલાભાઈ. દાતણ પાણી કર્યા પછી બેઠકના ઓરડામાં ગયા. ત્યાં પટેલ પણ આવ્યા. બીજા પણ

તેમના સંબંધવાળા કેટલાક આવીને બેઠા. ચા પાણી કર્યા. પણ મારા મનમાં પેલી વીવાહની વાતનો ઉભરો રહેલો તેથી મને તો જંપ વળેજ નહિ, પણ ઇશ્વર કૃપાથી થોડીવારમાં બધા ઉઠી ગયા; પણ એક માણસ બેશી રહેલો તેતો મને દુશ્મન જેવો લાગે, કારણ કે તે જલદી જાય તો પેલી વાત પૂછાય. પણ તેતો ઊઠયો નહીં. તેથી પટેલને એકાંતમાં લઇ જઇને મેં બધી વાત કહી. પણ તેતો બધું સાંભળી રહ્યા અને છેવટે એટલો જવાબ આપ્યો કે હગણાંતો એ વાત ઉપાડવીજ નથી; કારણ કે છોકરાને હજુ પુરાં ત્રણ વરસ પણ થયાં નથી અને તમારી દીકરી તો ૧૦ વરસની તમે કહોછો, તેમ છતાં હા પાડીએ. પણ તમારૂં ગજું નહિં. કારણ કે તમારાથી અમારૂં ખરચ ઉપડી ન શકે. એવું સાંભળી હું ખુશી થયો, અને કહ્યું કે પટેલ તે તરફની તમે કશી હરકત રાખશો નહિં, તેની ચીંતા મનેછે, પણ તમે સુખેથી હા કહો. આવું સાંભળી પટેલે ઊત્તર દીધો કે ઠીક ત્યારે પણ આ-જથી જઇને તુરત પરઠણના રૂપિઆ સાતસેં મોકલાવો, અને પછી તમે ચાંલ્લો કરવા આવો. પછી આપણે લગનનું નક્કી કરીએ. “ જુઓ કેવી ગાંડાઈ. ન જોયો વર ને ન જોઈ કન્યા ૧૦ વરસની છોકરી ને ત્રણ વરસનો છોકરો તેનો વિવાહ કરી બેસાડયો. આતે કેવી ગાંડાઈ ! ! ! ” આવું સાંભળી હું તો હરખમાં ને હરખમાં મારા મીત્રને ગામ જવાનું પણ ભૂલી ગયો અને લાગ-લો ઘોડો દોડાવતો મારે ઘેર આવી પોહોચ્યો.

ઘેર આવી પટલાંણીને પૂછ્યું કે આપણી કંકુબા દશ વર-સની થઈ માટે હવે એનું લગન કરવું જોઈએ; વારૂ તમારી નજરમાં

શું આવેછે ?

વાણીયો—પટેલ અગારે મન પટલાંણી પણ તમારે પટલાંણી કહેવાનાં કે શું ?

પટેલ—ના બાપજી ભૂલ્યો એતો મારી ધણીઆણી.

મશ્કરો—પટેલ વાણીઆ સમજાવે છે તેમ શું સમજોછો ? હું કહું તે સાંભળો નહિં તો બાપજી કહો છો તે વાણીઓ પાછા એટ્લા કહી બચાવી પડશે. પણ એમાં તમે શું ખોટું કહ્યું ? જેમ બ્રાહ્મણ ને બ્રાહ્મણી, દરજી ને દરજણ, ગોર ને ગોરાણી, તેમજ પટલ ને પટલાણી, પણ જુઓને કહેછે કે અગારાં પટલણ. જુઓ ! તમને કેવા વાની ચોળાવવા તૈયાર થયા છે ?

બ્રાહ્મણ—ઠારૂં એતો ઠીક પણ પટેલ તમે તો ત્યાં સાતસેં રૂપીઆ મોકલવાનું નક્કી કહીને આવ્યા છો, અને વળી અહીં પટલાંણીને શું પૂછતા હતા ?

પટેલ—ભાઈ અમારાથી તો બાઇરાને પૂછ્યા શિવાય એ ડગલાં પણ ન ચલાય; તો આવી વાત પૂછ્યા વગર કેમ ચાલે ? પછી મેં બધું વૃતાંત સંભળાવ્યું. એટલે પટલાણીની નજરમાં આવ્યાથી તેમણે હા કહી, એટલે હું ખુશી થયો કારણ કે મારા બોલ્યાનું પણ રહ્યું. પછી મે કહ્યું કે આપણે વધારે ખરચ પણ થવાનું નથી અને એકની એક દીકરી છે તો તેને સારે ઠેકાણે નાંખવી જોઇએ. તથા આપણે ઘેર ક્યાં ખોટું થતું આવ્યું છે ? જુઓને મારાં ફોઇ તથા મારી બેનને કેવાં સારી જગાએ પરણાવ્યાં છે ? અને તેને લીધેજ આજ આપણી આટલી બધી આબરૂ છે, માટે મારો વિચાર તો સારી જગાએ કરવાનો છે. અને વળી ફક્ત સા-

નસે રૂપીઆજ પરકણુના આપવા પડશે.

પટલાણી સાતસેં રૂપીઆ સાંભળી બોલ્યાં હું હેં હાલ્છેં રૂપીઆ શા, મેર મારા રડ્યા કાંઈ તારૂ હૈયું બયું ફૂટયું છે કે શું ? વીગેરેથી ખુબ ઝડીમાં લઈ મને તો ગાળોથી નારેવી દીધો તેથી હું તો થર થર ધ્રુજવા લાગ્યો.

મશ્કરો—પટલાણીએ તમને ગાળોથી નવરાવ્યા તો તમારે તેમને ખુંપુ લઈને નવરાવવાં હતાં.

વાણીઓ—ખુકુ ઊપાડતાં બીજી બાડ વાગે ટાડે પટેલ બીચાડા શું કડે ?

બ્રાહ્મણ—તમારે બધાને ભેગા મળી પટલાણીનું કુટીજેં કઢાવવું હતું કે શું ?

મશ્કરો—નારે છાબ આગારૂં પટલાણીએ શું બગાડ્યું હતું ? પણ અમે તો પટેલને શીખામણ દઈએ છીએ.

પટેલ—અરે બાપજી ખુંપુ તો શેનું ઉપડે પણ ઉલટી બીક લાગી તેથી પટલાણીના આગળ પાઘડી ઉતારવા લાગ્યો. અને નમનતાઈથી કહેવાથી પટલાણીની નજરમાં આવ્યું, અને તે હા બણ્યાં, એટલે તો હું ખુશી થયો. અને પછી તો સાતશેં રૂપીઆની સગવડ કરવા મંડી પડયે. એક પોપટચંદ કરીને અમારા ગામમાં વાણીઓ છે તેને ત્યાં જઈ મારા સાતસેં રૂપીઆ થાપણના હતા તે ઉપાડી લાવ્યો. અને તેજ ઘડીએ રૂપીઆનું પોટલું બાંધીને બારોબાર ભૂખણદાસ પટેલને ત્યાં ગયો, મારા ઘર આગળ થઈનેજ વેહેવાઈને ગામ જવાતું હતું, અને પટલાંણી બાહાર બેઠાં હતાં તેમને કહ્યું કે તમે પાપડ વડીઓની તૈયારી

કરજો અને હું સાતસેં રૂપીઆ આપી આવું. પછી હું તો હર-
ખમાં ઘોડો લેવો ચૂકયો, અને ખાવાનું લેવાનું પણ ચૂકયો. અને
દડ મજલ કરતો હોંસમાં અને હોંસમાં પટેલને ઘેર આવ્યો, તો
ત્યાં બાહાર પાટ પડી હતી તેના ઉપર બેઠા બેઠા પટેલ હુકો
પીતા હતા,અને પાસે એક બે ચાકરો પણ હતા. મને આંવતો
જોઈ પટેલ ઉઠયા, અને રામ રામ કરી પ્રથમના બેઠકના ઓર-
ડામાં લઈ ગયા. અને હુકો પાણી આપી સારી બરદાશ લીધી.
પછી મેં પટેલને સાતસેં રૂપીઆ ગણી આપ્યા. પટેલે પાછા
હતા તેમને તેમ પેટીમાં મૂકી સત્તર શેરનું તાળું ઠોકયું.

મશ્કરો—પટેલ તાળુ સત્તર શેરનું ત્યારેતેનો બનાવનાર
તો સત્તરમણનો હશે જો? અને વાપરનારને તો કહેવું શું?

પટેલ—પછી ગોરદેવ તથા ઘાંયજાકાકાને બોલાવ્યા. અને
ચાંલ્લો કરવાને માટે ભૂલાભાઇને બાજટ ઉપર બેસાડયા. ભાઈ
જુઓ મોટા ઘરના વરનાં રૂપ! ભૂલાભાઇની એક આંખમાં ફુલ
હતું, અને એક આંખમાં કાંઈ નહોતું, એટલે આંધળા હતા.
પણ તેમનો ઘાંયજો એવો ચાલાક કે તે વાત કોઇને માલમ ન
પડે તેવી યુકિત કરી. ગોરપણ તેમાં સામેલ થયો. ભૂલાભાઇના
શરીરનો રંગ લોઢી કરતાં થોડોજ વધારે કાળો હતો. તે જોઈ
હું વિચારમાં તો પડયો. પણ પાછો અમારો ગાડરીઓ સ્વભાવ
અમને કેમ ભમવાદે? તેથી પાછો વિચાર થયો કે હશે! તોપણ
મોટું ઘર કયાંથી? એથી નબળો વર હોયતો પણ શું થઈ ગયુ?
જુઓને આપણા બાપદાદાએ કયાં ખોટી જગાએ જોયુંછે? માટે
આટલું બંધ બેઠું તે બહુ સારૂં થયું. એમ વિચારી તથા પટેલ-

ને મુખે નક્કી વાત કરેલી તેથી અમે તો ચાંલ્લો કર્યો. અને લગન વિગેરેની વાત નક્કી કરી હું મારે ગામ વિદાય થવાની રજા પટેલ પાસે માગવા મંડ્યો, ત્યારે પટેલ કહેછે કે તમે તો દોડ દોડ કરોછો, પણ તમે શું બોલી ગયાછો કે તમારૂં જે ખરચ થશે તે પૂરૂં પાડીશું તે ભૂલી ગયા ? જુઓ જાન તેડવાને ૨૦ ગાડીઓ સારી તથા તેની ખરચી પુળા સાથે મોકલજો. અને અમારે ગોટા મોટા આદમીઓની ઓળખાણ રહી માટે મંડપ, સભામંડપ, ઉતારો વીગેરેની બરોબર સવડ કરજો કે ખોટું ન દેખાય. નહીં તો અમારે કાંઈ વડીપાપડ વંઠાઈ ગયા નથી, અને એટલી બધી ગરજે નથી. મેં જાણ્યું જો લગાર કચવાતું બોલીશ તો પટેલ પાછા નાખુશ થશે તો આવું ઘર નહીં મળે; અને હું ભાઇઓમાં શું મોં દેખાડીશ ?

મશ્કરો—વાહ પટેલ ! વરતો તમારા ઘરને શોભે એવોજ શોધી કાઢ્યો જણાયછે ?

પટેલ—ભાઈ અમારે વરનું કાંઇ કામ નહિં; અમારે તો સારૂં ઘર જોઇએ.

મશ્કરો— કન્યા તે વરને દોછો કે ઘરને !

પટેલ—દઇએછીએ તો વરને પણ ઘરને લીધે વરને કની;

વાણીયો—માડાભાઇ આપડે ટેની સી પંચાટ, પણ આપડે પટલની ગમટડો સાંભળો.

પટલ—હજુ આમાં શી ગમતછે ગમત તો હજી હવે આવેછે. માટે સૌ એક કાને થાઓ.

મશ્કરો—અલ્યાભાઈ લાવો ચપ્પુ સૌ એક એક કાન કાપી

નાંખો, પટેલની મરજી એમછે.

પટલ—ના, હું તો એમ કહું છું કે એક ચીત્તે સાંભળો. પછી હું તો પટેલનું કહેલું બધું યાદ રાખી રસ્તામાં ગોખતો ગોખતો ઘેર આવ્યો અને પટેલે કહેલી બધી સગવડ કરવા મંડી પડયો. બ્રાહ્મણને બોલાવી સગાં વાહાલાંઓને કંકોત્રીઓ લખાવી. પાસેના સગાને કંકોત્રી રૂપ કાગળ લખી વેહેલા બોલાવી લીધા. જાનને તેડવા સારૂ ગાડીઓની સવડ પણ કરી દીધી; અને લગનના બે દિવસ અગાઉ સારો માંડવો બાંધી દીધો.

મશ્કરો—પટલ માંડવો શા માટે બનાવ્યો ?

પટલ—જાનના માણસો જમવા બેસે તેમને તાપ ન લાગે તેટલા માટે.

મશ્કરો—ત્યારે પટેલ ! ખેતરોમાં ખેતી કરવા જાયછે તથા ઢોર તાણેછે ત્યારે કોણ છત્ર ધરેછે ?

પટલ—એ લોકો તે વળી ખેતી કરે કે ?

મશ્કરો—તમને શા પરથી માલૂમ પડયું ?

પટલ—એ લોકો આવેછે તે વખત તમે જોયું હોય તો તમારી મેળેજ કહો કે હા, ખરી વાત છે.

મશ્કરો—ત્યારે તો હું સમજ્યો. જે વખતે આવતા હશે તે વખત એક સારી રંગાવેલી પાઘડી, તથા રેશમી ફેંટાળુ, તથા ભમકાબંધ એકવડી અસ્તીવાળુ અંગરખું, તથા કસબી દોપટો નાખતા હશે, અને ચાલતા હશે તે તો જાણે માતેલો હાથી, કેમ વારૂ ?

પટેલ—હા બરોબર, તે પરથીજ હું કહું છું કે ખેતી વહી

કરતા હોય, અરે ભાઈ તમે કહ્યું તે તો શી ગણતરીમાં પણ તેથી પણ ભારે પોશાક પેહેરી લાવેછે.

મશ્કરો—ત્યારે વારૂ, એ પોશાક કેવો હોયછે તે અમને લગાર કહી સંભળાવોને ?

પટેલ—તે તો એવો હોયછે કે એની વાનગી સંભળાવું તો પણ ત્રણ દહાડા જોઇએ. અને વળી તમો તો દરબારમાં રહેલા છો માટે પોશાકની બાબતથી કયાં અજાણ્યા છો ?

મશ્કરો—રાજાઓની વાત તો તમે કયાં કરોછો?"કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી." રાજાઓના ઠાઠ આગળતો તમારો પટેલનો પોશાક પાણી ભરે, માટે વધારે બડાશ મારશોમાં. પણ એમ કહો કે બાપદાદાના વારાની એક પાઘડી, ધોતીઊં, દોપટો તથા અંગરખું રાખી મૂકયું હોય તે કંઇક જાય ત્યારે પેહેરે, અને ઘેર આવી ઉતારી મૂકી પોતાનો અસલ પોશાક (ગજીઆનું કેડીઊં, તથા જાડું ધોતીઊં) પેહેરે. અને બાપદાદાનો માલ ઠેકાણે મૂકે. હું ધારૂંછું કે પટેલ તમે પણ એમજ કરતા હશો. ?

પટેલ—વળી એમ તે હોય. ? હું એમને ત્યાં ગયો ત્યારે પણ એવોજ ઠાઠ હતો.

મશ્કરો—ત્યારે તો એમના હાથ પગ રળવા જતા હશે અને પોતે બેશી રહેતા હશે, શું મારા ભાઈ એમનો ધંધો તો કોરટમાં બેશી જજમેન્ટ લેવાનો હશે ? તે હમેશાં એજ પોશાક રાખે ખરૂં કેની ?

પટેલ—અમારા નાના ગામમાં તો એમ બનેછે ખરૂં, પણ મોટા ગામમાં તો તેમ હોય નહિં.

મશ્કરો—પટેલ હવે ઠેકાણે આવવા લાગ્યા ખરા.

પટેલ—ભાઈ તમે દરબારી માણસ, અમારાથી કાંઈ તમને પોહોચાય નહિં.

મશ્કરો—વારૂ ત્યારે પટેલ નક્કી કહો કે માંડવો શા માટે બાંધ્યો હતો ?

પટેલ—ભાઇ શું કરીએ ? ન બાંધીએ તો કહેશે કે સાળો ભીખારી છે.

મશ્કરો—ત્યારે તો એમ કહોને કે "દેખાદેખી કરોને સામાસામી મરો" પણ હવે તો આગળ ચલાવો.

પટેલ—પછી તો જાનને તેડવા મોકલી ઘેર ગ્રહસાંન્તીક વીગેરે કર્યું. અને સાંજ પડી એટલે કડીંગધીંગ કરતી જાન આવી. તેમને ઉતારી સામઇયું કરી આવ્યા પછી વર ઉઘલવાની તક થઇ ત્યારે પટેલ તો ભૂલાભાઇને ઉઘલાવે નહિં. તેનું કારણ કે અમારી પાસેથી રૂપીઆ લેવા હતા, શું કરીએ ભાઈ લાજના માર્યા રૂ૩૯૦) તે વખતે આપ્યા ત્યારે પટેલ પરણવા આવ્યા, પછી પટલાંણનો છેડો ઝાલ્યો તેમાં એક ગળચવો લીધો. ચાંલ્લાના રૂપીઆ ૨૫૧ લીધા, ભાઈ અમે તો નીચોવાઇને ગળણા જેવા થઈ ગયા, ઘર પણ લખી આપ્યું ત્યારે ઉપરની બાબતથી મુક્ત થયા. હવે ત્રણ દિવસ જમણ કર્યું તેના લેણદાર તો ઉભાને ઉભા રહ્યા. પછી અમે તો જયાં ત્યાં કરી જાન વિદાય કરી.

મશ્કરો—પટેલ " હાથનાં કર્યાં હૈયે વાગે " એમાં શી નવાઈ ?

પટેલ—ભાઈ એટલાથી છુટકો થયો હોત તોતો સારૂ પ-

ણુ હજુ તો અમને નીચોવવા બાકી રહ્યા છે.

મશ્કરો—ત્યારે તો પટેલ તમારી વાત બરોબર કરો.

પટેલ—પછી તો કંકુબાને થોડા દિવસમાં તેમને સાસરે મોકલવાં જોઈએ, પણ અમારામાં તો એવો રીવાજ કે ત્રણસેં ચારસેં રૂપીઆનું ઘરેણું કરવું જોઇએ, ભાઈ અમે તો વળી કંઈ થોડું ઘણું જે પટલાણીનું ઘરેણું હતું તે, તથા એક ખેતર ૦૧ વીઘું રહ્યું હતું તે, વેચી કંકુબાને ઘરેણું કરાવ્યું. હવે તો પૂરેપૂરા પરવારી બેઠા, ઘરબાર ખેતર વિગેરે સૌ ખોયું. પછી તેડવા આવવાને માટે પટેલને ખબર કાહાવી તો પટેલ કહે છે કે ૩૨૦૦) આપો તો તેડવા મોકલીએ; નહીં તો તમારી છોકરી તમારે ઘેર ભલે રહી. ભાઈ દુઃખમાં ડુબ્યા હતા તેવામાં દાવાનળ આવ્યો. જ્યાં ત્યાં કરી ૩૨૦૦) વ્યાજે ઉપાડી પટેલને ત્યાં પેહેલા મોકલાવ્યા, ત્યારે પટેલે તેડવા મોકલ્યું. પછી કંકુબાને ઘરેણા સહીત સાસરે વિદાય કર્યાં. એકની એક છોડી અને તેને મોં આગળથી વેગળી કરવી પડી તે બહુ માઠું લાગ્યું. પણ શું કરીએ ? પછી કંકુબા તો ત્યાં આશરે એક માસ રહી. પછી સંદેશો આવ્યો કે કંકુબાને ત્યાં અમતું નથી; માટે અમે તો તેડવા મોકલવાનો વિચાર કર્યો. પણ ગાડું તો ક્યાંથી મળે ? અને માણુસ પણ વગર પૈસે ક્યાંથી મળે ? માટે હું જાતેજ નીકળ્યો; અને વેહેવાઈને ઘેર ગયો. ને જોઉં છું તો પટેલભાઈનાં પોતીઆં ખેંચા ખેંચ થઈ રહ્યાં હતાં. હું તો કોરે જઇને ઉભો, એટલામાં તો પટેલે ગાળોથી મને ઝાટકી કાઢ્યો. તેથી હું તો કંકુબાને તેડવાનું કામ કોરે મૂકી મારે ઘેર લાગલો દોડયો આવ્યો; અને કંકુબાને મળવા પણ ન ગયો. વ-

ખતે જાઉં, અને પટેલ રીસમાં છે; માટે છોકરીને ઘેર કાઢી મૂ-
કી છોકરાને ફરી પરણાવે તો પાછા ભોગ મળે, એમ જાણી હું
તો બારોબાર ઘેર આવ્યો. પણ મેં મારા મનમાં વિચાર્યું કે એ
મોટા મોટા માણસોમાં બેશી રગત ગમત કરતા હતા અને એ-
કદમ હું જઈ ચઢયો માટે તે ક્રોધાયમાન થઈ ગયા હશે ? અને
મોટા લોકને ક્રોધ ચઢે ત્યારે તે કોઇના નહિં, માટેજ પાછો વળ્યો.

મશ્કરો—પટેલ તમારે તેમને ત્યાં નહિં તો બીજી જગા-
એ બેસવું હતું. ?

પટેલ—અરે મારા ભાઈ વળી બેઠા જાણેતો ભોગ મેળવે
માટે નાઠા તેજ સારૂં કર્યું. પછી હું તો ઘેર આવ્યો. પછી એકાદ
બે દિવસ થયા એટલે તેજ પટેલનો ગોર મારૂં નામ પૂછતો
મારે ઘેર આવ્યો. કારણ કે તે પરગામ જતો હતો પણ સાંજ
પડવાથી મુકામ કરવાના ઇરાદાથી આવ્યો. તેને મેં ઓળખ્યો,
તેથી મારે ત્યાં ઉતાર્યો. અમારા ગોરને ત્યાં સીધું મોકલાવી તેને
જમાડયો. પછી સૂવાનો ખાટલો પાથરી આપ્યો. અને ગોરદેવ
ત્યાં ખાટલા ઉપર બેઠા, અને પાણી બાણી પીને ઠંડા પડયા
એટલે અમારા વેવાઈની વાત મેં કાઢી, અને કહ્યું કે ભાઈ તમા-
રા જજમાન તો પૈસામાં બહુ છકી ગયા જણાયછે.

ગોર—કેમ પટેલ એમ કહોછો ?

પટેલ—શું ભાઈ! હું કંકુઆને તેડવા ત્યાં ગયો હતો,
ત્યારે તે મોટા મોટા માણસોમાં ગમત કરતા હતા, તેથી મને
દેખી ન કહેવાય એવી ગાળો દીધી ?

ગોર—એવી શી ગમત કરતા હતા ?

પટેલ—ભાઈ સરખે સરખા ભેગા થાય ત્યારે ગમે તેમ તોફાન કરે. ગોર મનમાં સમજ્યા કે પટેલભાઇને લેણદારો તાણા તાણ કરતા હશે; પણ આ બિચારો કાંઇ સમજ્યો નહિં હોય.

ગોર—ભાઈ જુઓ તમારા વેહેવાઈ લાખેણાછે. પણ અમારે તમને શું કરવા કશું કહેવું જોઇએ? કારણ તમે જાણોછો કે "હળવું લોહી હીરબાઇનું"

પટેલ—ગોરનું આવું મરમ ભરેલું બોલવું સાંભળી અમને તો વહેમ પડયો. તેથી મેં કહ્યું કે ભાઈ જુઓ મારે કોઇને કાંઈ કહેવા જવું નથી, અને હું કોઇને કહુંતો મારા સમ છે. ગોર પણ પટેલને બ્રાહ્મણના સમ ખવરાવેછે; અને પછી વેહેવાઇનો પોગળ ગોર ઉઘાડાં કરવા માંડેછે.

ગોર—ભાઈ એમને તો ત્રણ હજાર રૂપીઆ દેવુંછે, તેથી વાણીયા લોકો તેમને ખેંચાખેંચ કરતા હશે.

પટેલ—એટલો બધો ઠાઠછે અને દેવું તે હોય?

ગોર—હાલ જઇને જુઓતો ખરા! કે તે ઠાઠમાંનો હજારમો ભાગ પણ છે?

પટેલ—ખરે નહીંજ હોય? ત્યારે એટલીવારમાં એટલું બધું દેવું શેનું કર્યું હશે?

ગોર—દેવું તો પેહેલાંથી છે. પણ બે છોકરા પરણાવ્યા હતા, અને એક છોકરો કુંવારો હતો, માટે તમારા સરખા તે ઠાઠથી મોહી જઈ રૂપીઆ આપે એટલા માટે એક ઘર ભાડે રાખી તે સામાન પણ ભાડે રાખ્યો હતો. તે જેનો હતો તેને આપી દીધો. અને તેમની આબરૂ ન જાય, અને

પેહેલાંના જેવું ન દેખો ત્યારે તમે વિચાર કરો કે આમ કેમ ? માટે તમને બારોબર ધમકી દઇને કાઢી મુકયા, હવે તો પટેલને ત્રણ દિવસે સૂકો રોટલો મળવો પણ મુશ્કેલ થઈ પડયો છે. અને કંકુબાને નહીં ગમતું હોય તેનું કારણ પણ એજ. તોપણ હજું બાપદાદાનો પેહેરવેશ રાખી રહ્યા છે. તેથી ઘણા માણસો ઠગાય છે.

પટેલ—ભાઈ મેંતો એકની એક દીકરી જાણીનેસુખમાં દીધી હતી, તેની આવીજ વલે થવા આવી કે ?

ગોર—જો તમારી દીકરીને સુખી રાખવી હોય તો, અહીં થોડા દહાડા તેડાવીલો.

પછી મેં પણ કંકુબાને થોડા દહાડા તેડાવી લેવાનો વિચાર કર્યો; અને ગોરને ઉંઘ આવવાથી સુઈ ગયા. સવારે ગોરને જવાની તાકીદ હતી માટે વિદાય થયા. અને ફરીથી હું કંકુબાને તેડવા ગયો, તો ગોરદેવનું કહેલું બધું બરાબર મળ્યું. પછી તો મને ખાધાનો ભાવ પણ ન પૂછયો; અને કહે છે કે અમેતો નહીં મોકલીએ. જો તમારી દીકરીને તેડી જવી હોય તો રૂ ૧૦૦ આપો. તે જ્યારે આપવા કબૂલ કર્યા ત્યારે કંકુબાને ઘેર મોકલ્યાં. જુઓ ભાઈ અમારી કેવી બૂરી દશા થઇ ? વળી એટલુંજ નહીં પણ તે ઉપરાંત વળી આજતો વેહેવાઇ આવ્યા, તેમને દો દશ, કાલે વેહેવાણ આવ્યા તેમને આપો આઠ, વળી આજ તો ફલાણાભાઇ અને ફલાણી બાઇ આવ્યાં તેમને આપો પાંચ પાંચ. આમ કરતાં કરતાં અમારો તો બધો જન્મારો દીકરીઓના દેવામાંજ જતો રહેછે. અને છેવટે ટાંટીઆ ઘશી મરવું પડેછે. પછી કંકુબા

તેર વરસનાં થયાં, પણ ભૂલાભાઈ તો પાંચ વરસના હતા. તેથી એક દહાડો છોકરાં સાથે રમવા ગયા હતા, ત્યાં એક છોકરાએ તળાવમાં ધક્કો માર્યો તેથી તે પડીગયા, અને પંદરશેર પાણીપીગયા. ભૂખણદાસને તે બાબતની જાણ થવાથી તેમને તળાવમાંથી કાઢી ઘેર લઈ ગયા. ઘેર લઈ જઇ કેટલીક ઠઠવેઠ કરવાથી સાવધાન થયા, પણ તદન બે ભાન હોવાથી ભૂખણદાસે વિચાર્યું કે આ છોકરો મરી જશે તો એની વહુનું બધું ઘરેણું એને પીયર રહેશે. માટે યુક્તિ કરી તેડવા મોકલીએ તો સારૂં.

પછી ઘાંચજાકાકાને તથા બ્રાહ્મણને બોલાવી કહ્યું કે ભૂખણદાસ કાશીએ જાયછે માટે કંકુને તેડાવેછે એમ કહેજો. અને ભૂલાભાઈ પણ સાથે જવાના છે, માટે કંકુને આજથી તેડુછે. એમ ન કહેશો કે આજજ જવાનાછે, પણ પંદર દિવસ કેડે જવાનાછે, એવું કહેજો; નહીં તો પટેલ પાછા સાથે આવશે તો આપણે જુદા પડીશું. પંદર દહાડા કેડે આવશે તો ભલે આવે!

પછી ગોર અને ઘાંચજો રથ જોડી કંકુબાને તેડવા આવ્યા. અને પટેલની કહેલી હકીકત અમને કહી. તેથી અમે વિચાર્યું કે જે દિવસે તે નીકળવાના હશે તે દહાડે અમે જઇશું, અને કંકુબા આજથી છો જાય. એમ ધારી કંકુબાને ઘરેણુંગાંઠું વીગરે સૌ પેહેરાવ્યું; અને કંસાર જમાડી વિદાય કર્યાં, કંકુબા ત્યાં ગયાં અને બે કલાક થયા એટલામાં તો ભૂલાભાઇએ દેહ મૂકી. શોકનું બહાનું કાઢી કંકુબા પાસેથી બધું ઘરાણું ઉતારી લીધું. અને બાર માસ ખૂણે રાખી હાલ શોક મુકવા અમારે ત્યાં મોકલ્યાં છે. જુઓ ભાઈ અમારી ફજેતી લુટવામાં કાંઈ બાકી રહીછે કે!

મારી પંદરસેંની પુંજી હતી તે ધુળધાણી થઈ ગઈ.

મશ્કરો—પટેલ તમેતો બહુ પોહોળા દેખાઓછો; કારણકે તમારી પુંજી તમારી દીકરી કેડે તમે ખરાબ કરી, અને દીકરીને તો સુખ મળ્યુંજ નહિં.

બ્રાહ્મણ—અરેભાઈ પટેલને કાંઈ એ બાબતની નવાઈ નથી, કારણકે એમનામાંતો એવુ ઘેર ઘેર થતું આવ્યુંછે. અને વળી આતોશું ? પણ એક એક પટેલ પાંચ પાંચ બઈરીઓ પરણે છે. અને પાંચે હયાત છતાં છટ્ઠી પોતાની દીકરી ત્યાં આપવાને બાપા બડાઇમાંથી પાછા હઠતા નથી.

મશ્કરો—અરે રે રે ! ! ! એતો કેર કહેવાય.

પટેલ—અરે બાઈ કેરતો ઘણોએ, પણ કુળ ખોળવાને કુવામાં પડવું પડેછે.

મશ્કરો—ત્યારે એટલી બધી બઇરીઓ પટેલ શું કરવા પરણતા હશે. ?

વાણીયો—અગાડે ટાં એક જોડા બાપાછે, ટે એક બાઇડી પઇણ્યા. ટેના આઠસેં ડુપીઆ લાવ્યા. ટેમાંઠી અમે પાંચસેં ડુપીઆ માગટા હતા ટેમાં વાળ્યા; અને ટણુસેં ઠાપણ ડાખ્યા. ટે જાડે જોઇએ ટાડે ઠોડે ઠોડે લેઈ જટા. ટે ટણુસેં પુડા ઠઈ ડથા એટલે બસેં ટણુસેં અમાડા બ્યાજે ઉપાડયા. અને જાડે અમે ઉઘડાંણી કડવા ગયા, ટાડે કહેછે કે શેઠ હવે ઠોડા ડહાડામાં આપીશુ. એમ કહી ઠોડા ડહાડામાં એક બાયડી પઇણી લાવ્યા અને છસેં ડુપીઆ આણ્યા. ટે ઉપડની માફક વાપડી નાંખ્યા. ટાડે વળી બીજી બાઇડી આંણી; અને ટે થઈ ડથા ટાડે વળી ટીજી, એમ કડટાં

કડટાં આજે ચાડ બાઇડીઓ કડીછે. ટ બીચાડીઓને પટલ પુંડુ ખાવાનું પણ આપટા નહી. અને મજુડ કડટાં પણ હલકી ગણે છે.—" અરે પોતાની અર્ધાંગિના કહેવાય તેની કેવી બુરી વલેકરી હલકી સ્થિતિની ગણે છે" ?તો કાંઈ વાત ચીતમાં સલાહ તો પૂછેજ શાના ? "

પટલ—ભાઈ અમારી નાતમાં સ્ત્રી પુરૂષનો એક સંપતો કોઇકનેજ હોય છે. કારણ કે પુરૂષને સ્ત્રીની કાંઇ દરકાર નથી હોતી, તેથી પ્રીતી થતી નથી.

બધા પટેલો—હા ભાઇ ઉપરની બધી વાત ખરીછે; માટે હવે આપણે એ બાબતનો કાંઇક બંદોબસ્ત કરીએ તો ઠીક. પણ હવે શી રીતે કરવું તેનો વિચાર કરીએ. એક બોલ્યો ભાઇ મારો તો એવો વિચાર થાયછે કે આપણે એમ ઠરાવો કે એક કન્યા છતાં બીજી પરણવી નહિં, તેમજ સ્ત્રીએ ધણી મુઆ પછી બીજાની સાથે સબંધ [નાતરૂં] કરવો નહિં. જો આમ થાયતો એક બીજાનો પરસ્પર સ્વાર્થ રહે. કારણ કે પુરૂષ નબળો હોય તો સ્ત્રી પણ એમ જાણે કે મારે એજ વરની સાથે જન્મારો ગાળવાનોછે, તેમજ પુરૂષ પણ જાણે કે મારાથી બીજી સ્ત્રી થઈ શકવાની નથી. માટે એજ સ્ત્રીને સુધારીને તેની સાથે ઘર વ્યવહાર ચલાવવોછે. આવી રીતે એક બીજાનો પ્રત્યક્ષ સ્વાર્થ થાય તો તેમને પરસ્પર પ્રીતી બંધાય. અને પ્રીતી ભાવને લીધે તથા નાતરૂપી બધનને લીધે તેમને બીજી બદરી કરવાનો પ્રસંગ આવેજ નહિ. અને જોડાં સુખી થાય વળી પરઠણ આપવાનો ચાલછે તે પણ ખોટોછે, કારણ કે જો તે ન હોયતો બાપા બીજી પરણે નહિં. શાથી કે તે

તો પૈસાને મા... ...રણેછે; પણ તે તો બંધ થાય તો પછી શું કરવા બીજી બાઇડી કરે. ?

વળી બીજું એક કહેવાનું એછે કે માથે લેણદાર માંખોની માફક ભમતા હોય, તોપણ ઘેર કંઈ અવસર આવે ત્યારે ખરચમાં તો પાછી પાની કરવાનાજ નહિં. ખરચ કરીને વળી દેવામાં વધારો કરેછે; અને જ્યારે લેણદાર માગવા આવે ત્યારે ફજેતી થાયછે, તે વખ ાવરો કરતી વખતે જેટલી આબરૂ મળી હતી તેના કરતાં દશ ગણી ગેરઆબરૂ થાયછે.

વળી ખોટી મોટાઇમાંતો તણાઈજ જવાના. ઘરમાં છોકરાંને પીવાની છાશ પણ મળતી ન હોય, અને ગામમાં ભવાયા અગર મલ્લ કે બીજી કાંઈ રમત કે કથા થતી હોય તો નામ મેળવવાને તેને કાંઈ બક્ષિસ કરવામાં ચુકવાનાજ નહિં. પણ એમ નથી સમજતા કે એતો ઘડીવાર ગુણ ગાઇને દ્વારે રહેશે, પણ આપણી ફજેતી કેવી લૂટાશે !

વળી ભવાયા વીગેરે ને પૈસાતો આપે; પણ તે લોકો કેવું કહેછે અને બાપા પોતાની કેળવણીના ભંડારમાં ભરાઈ જઈ કેવું સમજેછે તે સાંભળો ! ભવાયો તાનમાં હોયતો કહેશે કે " હું બાપો, હું બાપો " મતલબ કે હું તમારો બાપો. પણ બાપા એમ ન સમજે કે આતે હું કહેછે કે હાં કહેછે ? બાપાતો જાણે કે જુઓ હાં બાપો, હાં બાપો કહીને આપણને કેવા વખાણે છે ? આવા આવા વિચારમાં પૈસા ખરચી તણાઈ મરેછે.

બાઇઓ વળી આપણે દીકરી અગર દીકરો પરણાવવો હોય તો આપણે બધું કામ ગોર ઘાંયજાને માથે નાંખી દઈએ છીએ.

વર અગર કન્યા તે ખોળી લાવેછે; તેથી ગમે તેમ કરી આંટાં ઘુંટી બેસારી દઇ પોતાનું કામ વચમાં કાઢી લેછે. અને પટલભાઇની દીકરીને ગોર ધાંયજો કુંવામાં નાંખવી ધારી હોય તો નીરાંતે નાંખી દેછે. કહેવતછે કે “વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો” માટે ભાઇઓ, શું આપણામાં એટલી શકિત નથી કે આપણે જાતે તપાસ કરી શકીએ નહિં. જો જાતે તપાસ કરીએતો લુલી કન્યાને આંધળો વર એવું કોઈ દહાડો બનેજ નહિં. કુળ ઉપર લક્ષ નહીં આપતાં સેહેજ રૂપ, તથા વિદ્વાન અને પૈસે ટકે સાધારણ સુખી, જોવાથીજ ફાયદો છે.

મશ્કરો—આ બધું સાંભળી રહ્યા હતો તે બોલ્યો. પણ ભાઈ વચ્ચે દલાલી ખાનારા નોકર ચાકર, ભાટ બ્રાહ્મણ વીગેરે પડ્યા. એટલે તમારે હાથ પગ હલાવવાની તસદી શા માટે લેવી જોઇએ? તમો ખોટા અભીમાનમાં તણાઈ મરોછો, અને છોકરી તથા છોકરો પરણ્યા શિવાય મોટો કેમ થવા દેવાય એ વિચારથી પેહેલેથી વધારે ખરચ કરી વ્યાજમાં તૂટી જાઓછો. ભાઇઓ તમે બાળ લગ્ન કરોછો તેથીજ ઘણું કરીને નાતરાં કરવાં પડેછે. ભલે તમારે જો વિવાહ કરવો હોયતો નાનપણથી કરી મૂકો, પણ અગીઆર બાર વરસની દીકરી થયા શિવાય તેને પરણાવો છો શા માટે? નાનપણથી લગન કરોછો અને બાર તેર વરસની થતા સુધીમાં તેનો ધણી ગુજરી ગયો તો પછી તેની મહાબુરી વલે થવાની. પણ જો વિવાહ કરી મૂકો અને મોટી થાય ત્યારેજ પરણાવવાનો વિચાર રાખો તો વખતે મોટી થતા સુધીમાં તેનો ધણી ગુજરી ગયો તો બીજાને પરણાવી શકાય. પણ પરણાવ્યા

પછી બીજાને દેવી એ મુસ્કેલ થઈ પડેછે. માટે આ બાબતનો વિચાર કરોતો નાનપણમાં પરણાવવાનું મૂકીદો. તેથી તમારે ખરચ પણ ઓછું થશે અને મોડું ખરચ કરવું પડવાથી તમને નુકશાન પણ ઓછું થશે. અને તમારી દીકરીઓ સુખી થશે.

વળી પટેલભાઇની બીજી એક ટેવ મેં ઘણી જગાએ જોઈ છે. તે એકે બે આવે બારનું જોર કરે તેથી બે આવેલા જાય ને દશનું દેવું થાય, ત્યારે પસ્તાય. તો પૈસાનો સંગ્રહ કરવાની તો વાતજ શાની હોય ?

વાણિયા પાસે જેમ જેમ પૈસો આવતો જાય, તેમ તેમ તે નરમ શીલ થતો જાયછે. પણ જો પટેલ પૈસો દેખેતો પોહોળા પાડાના જેવા માતેલા થઈ અભીમાનમાં મગ્ન થઈ જાયછે. પણ હમેશાં અભીમાનને અને લક્ષ્મીને વેરછે. માટે અભીમાનથી દૂર રહેવું એજ સારૂંછે. અને વળી પૈસાનો સંગ્રહ કરવો તે ખરી મહેનતનો હોય તોજ રહેછે. દીકરીનો, અગર દીકરાનો, અગર ગમે તેવી રીને પણ અનીતિથી પૈસો આવેલો હોય તે ટકતો નથી.

બ્રાહ્મણ—તમે એમ કહોછો ત્યારે પેલા વાણીયાએનો આઠપંચાં પંસતાળીશ ગણી પાંત્રીશ રૂપીઆ આપી પંચાવન ગણ્યા હતા. તેથી બીજી કેવી અનીતિ ? અને વાણીયા પાસેતો પૈસો હોયછે એવું તમે કહોછો.

મશ્કરો—ભાઈ બધા કાંઈ એવા હોતા નથી; અને એવા હોયછે તેમની તો કેવી દશા થાયછે; તે સાંભળો.

રાગ વારતાનો.

એક સમેરે એક વાણિઓ, વેપાર અરથે જાય;

પણ રે પંડીતા સાંભળો, કેવી બેસેછે દશાય.
શેઠભાઇએ શણગારીઓ, કાબરો ઘોડો સોય;
એકલડો તે ચાલીયો, અને સંગે ન લીધું કોય.
પછી તે તો પંથે પળ્યો, અને જુઓ વસે શી થાય;
ઘોડો મહા જોરાવરી, અરણ્ય પંથ પળાય.
દૈવ જોગ કૌતુક થયું, ઘોડો પામીગો મર્ણ;
શેઠ બિચારા શું કરે, ચાલ્યા પોતાને ચર્ણ.
ચાલી કરીને આવીયા, પોતા કેરે ગામ;
વિચાર કરેછે ચીત્તમાં, હવે શું કરવું કામ.

જગતંબાના જોર વિનાતો કેમ જીવાશે. એ રાગ.

શેઠ કરે વિચાર, બેશીને શું કરવાનું;
કર્યાં ઘણેરાં કામ, હવે આવ્યું મરવાનું.
એવું વિચારી મન, પછી તો ઉઠયો જાતે;
આવી જુએ તો બાહાર, બોલે કાગ કપોતે,
પંખી બોલે પ્રૌઢ ઉડી, આકાશે જાવે;
ઘણા અધિક વળી ત્યાંય, અપશુકન તો થાવે.
ત્યાં તો કૌતુક થાય, જુઓને જોવા જેવું;
મળી મનુષ્ય વળી સાત, આવેછે લેવા લેણું.
આવે સમાચાર ત્યાંય, વળી અધુરામાં પુરા;
દરીયા મધ્યે વહાણ, સોનેરી થયું ચકચુરા.
શેઠભાઇની શાંન, ભુલાવી પોતે પનોતી;
ભલો આવ્યો છે લાગ, લાજ ધણીની લીધીતી.
રૂદન કરવા બેઠો પોતે, વિચારી એ તો;
પસ્તાવે શું થાય, હિસાબે ખુતી લેતો.

રાગ કેલૈયાનો.

ઘોડીલોતો મારો ગુજરી ગયોને, વાહાણ ડુબી ગયાં વીશ;
એવી રીતે પસ્તાવો કરીને, પોતે પાડી પછી ચીશ,
પનોતી તું તોં બેહીરે, વાંણીડાના પેટમાં પેઠીરે. ટેક.
ક્યાંરે જાઉં ને ક્યાંરે રહું, હવે કોણ કરવો ઉપાય;
બનવાનું તે તો બની ચુક્યું છે, હવે પસ્તાયે શું થાય, પનોતી.
આશો થયો ઉતપાત વાંણીડાનો, બેટડો હું કહેવાઉં;
પ્રભુજી તારૂં સમરણ કરૂં છું, હવે ઓશીંગણ થાઉં, પનોતી.
દુઃખ ગને તો ઝાઝેરૂં પડશે, દોરી નથી તૂટી;
હનુમંત તુજને અરજ કરૂં છું, શાથી મૂકી છૂટી, પનોતી.
લોક તણીતો થાપણો ઓળવી, બોલતો કુકડીકુક;
વિચાર કરીને નક્કી કહુછું, અધર્મથી છે ઘણું દુઃખ, પનોતી.

વાણિયાની પ્રાર્થના.

ધીગંબડ ધડધાણી ધાજે, મારી વાહારે ચડજેરે. (૨) ટેક.
પ્રહલાદ સરખો પુત્ર કહીએ, તેનાં કાપ્યાં કષ્ટ;
હીરણ્યા કશ્યપને ચીરી નાંખ્યો, તે મેં દીઠું દ્રષ્ટ, ધીગંબડ૦
વીભિષણને રાજ દીધું, રાવણ રોળી નાંખ્યો;
સીતાજીનુ સત્ય સાચવી, પોતે લંકા પેખ્યો, ધીગંબડ૦
પાંડવને અગ્નિથી બચાવ્યા, ત્યાંથી ઉગાર્યા તેં તો;
ગરીબનીપર શીદ તું રૂઠયો, શાં કરમ કીધાં મેહેતો, ધીગંબડ૦
લોક તણી થાપણો ઓળવી, તે પાપ આવ્યાં આડાં;
પટેલભાઇને પૈસા ધીરી, લીધાં બમણાં નાણાં, ધીગંબડ૦
ઓ સામળીઆ સાચું બોલું, ઘણીક ચાડી કીધી;

તે પાપે તું નથી આવતો, છાંની લાંચો લીધી, ધીગંબડ૦
પૈસા તો તેં ઘણા દીધા, પણ પુન્ય થયું નહિં મેંહેતો;
તે લીધે પાપ આડું આવ્યું, તાણી લાંધા તેંતો, ધીગંબડ૦
છપનપર ભુંગળ વગાડી, ઠીક બનાવ્યો ઠાઠ;
અરે પ્રભુ તેં અનર્થ કીધો, ભલો ભજાવ્યો ધાટ, ધીગંબડ૦
અકલ અગોચર ઠામી તું તો, કોઈ ન જાણે સાર;
પ્રભુજી મારા પધાર અહીંઆં, કેમ લગાડું વાર, ધીગંબડ૦

બ્રાહ્મણ—વાહ ! વાહ ! મશ્કરાજી તમે તો વાણીયાની અ-થઇતિ ખરેખરી કહી દીધી. પણ તમે જે વ્રત લીધું તે તો ઉજ-વો. હમણાં બીજાને શા માટે પૂછો છો ? હજુ આપણા પટલ બાપાતો બાકી રહ્યા; એ કાંઈ સારૂં નહિં. માટે એમને પણ ખોટા ચાલની ખાણમાંથી બોધરૂપી ગદાવતી ઉછાળી સુનીતિના ભંડારમાં નાંખવા જોઇએ. માટે તે કાંઈ કહેવાનું શરૂ કરો.

મશ્કરો—હજી તો શેઠને શીખામણ થોડી બાકી છે. મા-ટે રાખો રાખો, ભજનનો સ્વાદ ચાખો. બેશી રહો દહાડો. આ ખો, ખાવું હોય તો માગો, ઉઠો પટેલો જાગો, શેઠની સુણો વાત, પછી જુઓ તમારી બાત. આવ્યો વારો મારો, કોણ ખોટું કહેનારો.

પટેલ—વાહ ! વાહ ! મશ્કરાજી.

મશ્કરો—જા જા પાડા જેવા પટેલ, વા વા કોને કહું છું ? વાય તારી બાયડીને તું, ચાને બેટા કહું છું, પણ હવે લગાર શીખામણ સાંભળો તો સારૂં.

વાણીયો—ભાઈઆમાડે ટો એટલુંજ જોઇએ છીએ કે

અમને કાંઈ કડનાં પણ કોઈ શીખામણ દે છે.

મશ્કરો— દોહરો.

ફુડ કપટ મૂકી દઈ, સીધે રસ્તે ચાલ;
પૈસા૦ કર તું એકઠા, આ દુનીઆમાં માલ.
જો વિચારી જીવડા, ઝાઝું પડશે દુઃખ;
ધર્મરાય લેખાં લીયે, શું દેખાડીશ મુખ.
અહીંઆં તો છુટો નહિં, કહો છુટો કેમ ત્યાંય;
સમળી છુંદી ફોલશે, નાંખે નરકની માંય.
માટે મર્મ વિચારીને, મૂકી દે તું કુડ;
દુઃખ દૂર દોડી જશે, પડશે સુખ અતુલ.
મોતીલાલ શીખ સાંભળો, પાળજમાં તો રહું;
વીચાર કરી હું તો ઘણો, સમજાવાને કહું.

બ્રાહ્મણ—ભલે ભલે! મશ્કરાજી જો તમારો શીખામણ પ્રમાણે વર્તીને ચાલે તો કદી દુઃખી થાય નહિં.

વાણીઓ—મશ્કડાજી! અમને તો ઉધલાવવામાં ટમે કાંઈ બાકી ડાખી નથી; પણ હવે પટેલને માટે કાંઇક ગમટ કડો ટો સાડુ.

મશ્કરાજી—ભાઈ પટેલના અવળા ચાલનો આંક આવે એમ નથી.

સાંભળ કણબી મારારે સાંભળ કણબી કાકા. ટેક.
લોક તણું નાણું દેખીને, મન ઘણું દોડાવે;
મન દોડાવે શું કરવાનું, નીતિ થકી તો ફાવે, સાંભળ.
સાંભળ શીખામણ તું તો માહારી, કાંઇ નથી ગાળવાનું;
એવું એવું મન કરીને, પાપે પેટ ભરવાનું રે, સાંભળ.

પરનારી પરવશ પડીઓને, કરે ઘણેરા ચાળા;
ભકત થઇને બેઠો તું તો, શીદ ઝાલે છે માળા, સાંભળ.
ગણુકા મોટા પત્થર જેવા, દોર પરોવી બેઠો;
માળા ઝાલે શું મળવાનું, દુઃખ ઘણેરૂં વેઠો; સાંભળ.
બેરખો બે હાથે ઝાલી, ઠીક બનાવ્યો ઠાઠ;
ચાડી કરતાં ચુકે નહિં, ભકતાઇમાં ઉઠી વાટ. સાંભળ.

બ્રાહ્મણ—મશ્કરાજી તમે એવું એવું કહો છો, તેથી પાટીદાર લોકો તમારાપર ચીડાશે.

મશ્કરો—છે એવું કહેવું છે, એમાં ખોટું શાને લગાડે, અને એટલી બધી ખીજ લાગતી હોય તો ખોટા ચાલ સુધારે; માટે હું તો કહેવાનો.

બ્રાહ્મણ—તમે ખોટાચાલ કહોછો તે તો ખરૂં; પણ એ પુણ્યશાળી પણ કેવા હોય છે? અને પેટ બાળી પારકાને ખવરાવે છે, તે બાબતનો તો તમે વિચાર કરો.

મશ્કરો—એકાદ દાખલો આપો તો હું ખરૂં માનું. નહીં તો તમારૂં છાનું. અને કહેવાનું છે બાહાનું.

બ્રાહ્મણ—પટેલ મારા પરોપકારી આંગણે રાખે ભેંસ;
ભેંસને તો તલ ખવરાવે પોતે પીએ ઘેંસ.
એ પુન્ય આગળ આવેરે ખરૂં ખરૂં સમજાવું રે
ખરૂં ખરૂં સમજાવું.

મશ્કરો—બ્રાહ્મણ મુજને શીદ બોલાવે શું સમજાવે ઉંધ;
ડોબાને ડફણાં મારીને કાઢી લેશે દૂધ.
એમાં શેનું પુન્ય થવાનું શીદ સમજાવે ઉંધું રે.
શીદ સમજાવે ઉંધું.

બ્રા૦—પાડીનીતો પુજા કરશે સાચવી કરશે મોટી;
દૂધ પાઇને ખડ ખવરાવી મુખથી કહેશે ભોટી. એ પુણ્ય.
મ૦—હજુ અજ્ઞાની ઉંધું સમજે એતો સ્વારથ કરવા;
પાડાને ભૂપાતો કરશે મોકલશે ઘઉં ભરવારે. એમાં૦
બ્રા૦—કુતરાને કડકો ન નાંખે બ્રાહ્મણ માગે ભીખ;
દયા ઘણેરી દીલમાં લાવી તેને દે છે શીખ. એ પુણ્ય૦
મ૦—બ્રાહ્મણ બોડો હડીલોને લેછે તારે જાય;
કુતા કાકા વગર વાંકે માર ઘણેરો ખાય. એમાં૦
બ્રા૦—વારંવાર વખાણી કહુંછું પટેલભાઈ તો તરશે;
એક દિવસ અપવાસ કરીને સામાપાંચમ કરશે. એ પુણ્ય.
મ૦—કણબી કાકા ખેતી કરતાં જીવ મરેછે ઠીક;
તે માટે અપવાસ કરેછે નહિંતો લાગે બીક. એમાં૦
બ્રા૦—દેવું કાહાડી દામ લાવી નૌતમ નાતો કરશે;
પછવાડે નાણું શીડેછે તે થકીતો તરશે. એ પુણ્ય૦
મ૦—નવીન નૌતમ નાત કરીને મોટા ભા થઈ ફરશે;
લેણદાર તો ઘર લુંટાવે અંતે એતો ગરશે. એમાં૦
બ્રા૦—પટેલ અટેલને દુઃખ પડે પણ વન વગડામાં રહેશે;
તોપણ દીલમાં દયા ધરીને કન્યાદાન તો દેશે. એ પુણ્ય૦
મ૦—સરપને તું શું સમજાવે ઊંડા દરમાં પેસે;
છોડીની તો છત હરશે ને વેચી નાણું લેશે. એમાં૦
મોતીલાલ સમાધાન કરેછે બંને જણ છે સાચા;
પટેલભાઇ તો ભૂખે મરે છે શ્વાન તણી શી વાચા.
બ્રાહ્મણ પડીઆ જુઠોરે બ્રાહ્મણ પડીઆ જુઠો.

વાણીઓ—ડંગ છે મશ્કરાજી.

મશ્કરાજી—શેઠજી હજી તો બાકીછે. તે સાંભળો ? બાપા પૈસા લાંવે અને તેની સાથે કન્યા લાવે તે પોતે લક્ષાધિપતી હોય પણ બાઇરી બીચારી ધણીના ઘરનું કકડો કપડું દેખવાની નહિં. સાસરામાં ગમે એટલો પૈસો હોય અને બાપ ભીખ માગતો હોય તોપણ છોડીને માટે લુગડું લતું બાપને પુરૂં કરવું પડે. તેમાં વળી મોટા ઘરની હોયતો તો બીચારા બાપના ભોગ મળ્યા. આતે કેવી ગાંડાઈ ? પણ એ લોકો માગેછેજ; કારણ કે એવું હોય છતાં છોકરાંને ભૂખે મારીને બાપ છોડીને લૂગડાં કરવાને ચુકશે નહિં. જો બાપ લૂગડાં ન કરે તો જોઇએ કે, તેનો ધણી તેને નાગી ફેરવે છે કે કેમ ? તે તુરત જણાશે. બાપ પૈસાદાર હોય અને ખુશીથી કરે તો ભલે ! પણ તાણીતોશીને પેટ ભરતો હોય અને છોડીને ભારે લૂગડાં કરવાં, એથી બીજી કેવી ગાંડાઈ ! ! !

ઉપર મુજબ મોટા ગામમાં દીકરી દેનારને થાય છે. તેમજ નાના ગામમાં દીકરી દેનારને પણ લૂગડાં સબંધી તો પંચાત હોયછેજ. તેથી તે બિચારી સાઠ સાંધા કરી એક લૂગડું સત્તર વરસ ચલાવેછે. અંદર મેલતો જોઇએ એટલો, પણ તે બિચારી શું કરે ? એના મનમાં કે જાણે ધોઇશ તો ફાટી જશે. તો પણ ફાટતાં ફાટતાં આખર એવી સ્થિતિમાં આવે છે કે તે સાલ્લાને બે વાંસ લાવી ગામની ભાગોળે બાંધ્યો હોય, અને ઉપર કપડાની ધજા કરી હોય, અને ઘાઘરાને ફાડી બે તરફ સ્થંભ કર્યાં હોય, તો જાણે કાળો મચ્છ ટાંગ્યો હોયની ! એવી શોભાને પામે. અરરર ! ! ! બાપા બાર હાથનું પેહેરે અને બિચારી બાઇરીઓની શી-

દશા કે બે આંગળનો નેફો તેમાં પણ બસેં કકડા.

બધાપટેલ—અરે મશ્કરાજી તમે આટલું બધું કેમ બોલોછો ? હવે ચુપ રહો નહીં તો માર ખાશો.

મશ્કરો—માર ખાઓ તમે, રાજી થઇએ અમે;
ચાર ખાય ભેંસ, ને તમો ઉકાળો ઘેંસ.

માટે હવે જો વધારે બોલ્યા તો થોડાક ઢાંકયા છો તે ઉઘાડા કરી દઇશ.

બધાપટેલો—હવે કર્યું કર્યું! તમે શું કરવાના છો ?

બ્રાહ્મણ—ભાઇઓ તમે લઢોછો શા માટે ? તમે ભૂલી ગયા કે આપણે ઘડીવાર ગમત કરવાને સારૂ અહીં બેઠાછીએ! અને રીસ શામાટે ચઢાવોછો ?

બધાપટેલો—હા ભાઈ તમે કહોછો તે અમને યાદ આવ્યું, માટે ભલે ગમત કરો.એમાં અમારો શો આવરદા ઓછો થવાનો છે.

મશ્કરો—પટેલભાઈ પૈસાનો ખોટી રીતે ઉપયોગ કરેછે, માટે તેમની પાસેથી પૈસો ચાલવા માંડેછે. તેથી આખરે બદહાનત કરી નિચે મુજબ વર્તેછે. અગર પોતાની સમત્તિથી તે પ્રમાણે બીજાને વર્તાવેછે.

પટેલભાઈ સાંભળીલેજોરે અમને આળ ન દેજોરે; ટેક.
પટેલભાઈ ચોરી કરવા જાય સંગે સોબતી રાખે ચાર;
એક વાંણીડાના ઘરમાં પેસે ને બીજો રહેશે બાહાર, પટેલ૦
પેસનારો પાપી પકડાઈ ગયો ને ચારે પેલા નાશી જાય;
લેનારો તો લાભ પામ્યો નહિં ને પરાયા વેંહેંચી ખાય, પટેલ૦
કોરટમાં કાકા ચોરને દોર્યાને બાંધી લીધાછે હાથ;
બાંધી કરી બંધીખાનામાં પૂર્યા ને પ્રસરી ગઈ બધે વાત, પટેલ

પોલીસ પટો કેડે લગાવીને ઉપર દે પેહેરા;
ચોરી કરનારાને ચેતાવી કહુંછું મરશે સૌની પેહેલો, પટેલ૦
લોક રાભાપટેલ ટોળે મળીને પંચાતો ડોળવા જાય;
મગજ તપાવી શીદ મરોછો પાછળ પસ્તાયે શું થાય, પટેલ૦
ચોરે બેશીને ગપ્પાંજ હાંકે મોટાઈ તણો નહિં પાર;
દેવું માથે દશ ગાડાં હોય પણ તેનો ન કરે વિચાર, પટેલ૦
ખરે ખરૂં કહેતાં ખારજ આવે લાગે ઘણેરૂં દુઃખ;
ચાડી ચોરી ગુથલી ગર્વ કરોછો તેથી વેઠોછો ભૂખ, પટેલ૦
કુથલો કર્યામાં કણબી કાકા, ચુકે નહીંરે ખચીત;
આળ દીયે સામાને સંપૂરણ પોતે ખાય પચીશ, પટેલ૦
કુત્રા કાંઠે નારી નચાવે નેન રૂપાળાં જોડ;
પટેલ અટલના ચાલદેખી લ્યો શીછે ખાંપણને ખોડ, • પટેલ૦

બ્રાહ્મણ—વાહ મશ્કરાજી ! તમે તોજેવું હોયછે તેવું બરોબર કહી દોછો.

મશ્કરાજી—ત્યારે તમે પણ એવું કહોને, એટલે વધારે ગમત પડે.

બ્રાહ્મણ—ભાઈ. પટેલની નાતમાં વળી એવો ચાલ હોયછે કે જે જમવા ન જાય, તેને ઘેર આવીને પીરસણ આપી જાય.

મશ્કરો—જમવા જતાં શરમ આવે, અને પીરસણ લેતાં શરમ નહિં આવતી હોય ?

બ્રાહ્મણ—ભાઈ તેનીતો મને શી ખબર ? પણ મોટા ગામમાં તો તે ચાલ નથી, પણ નાના ગામમાં છે. તેમાં વળી એવો ચાલછે કે ફકત પુરૂષોનેજ જમવાનું; બાઇડીઓને નહિં.

મશ્કરો—હવે પીરસણનું કારણ હું સંપૂર્ણ સમજ્યો. કારણ

કે પટેલભાઈ જમવા જાયતો ઘેર પીરસણુ આવે નહિં, તેથી પટલાણી કકળે. માટે બીજે દહાડે રોટલા સરખું પણ ન કરી આપે. માટે પટેલના મનમાં કે જાણે કકળાટ થાય તેના કરતાં ધૂળ નાંખી, થોડું ખાઇશું. એમ જાણી જમવા નહિં જતા હોય. પણ તમે એમાં ગમત શી કરી ?

બ્રાહ્મણ—ગમત તો પીરસણુ આપતી વખતે થાયછે. તે નીચે પરમાણે.

પીરસણુ આપનાર રાભો કહેછે—

લ્યો પટલાંણી જમવાનું, ને તમારા વારાના;
એક તમારે મેમાન આયો, લો લાડુ સાળાના.

પટલાંણી—વ્યારનો સોરો કાંમ કરેસે, એમ પડયો તું ભૂલો;
હું એકલી આજ અન વરેને કોણ હળગાવે ચુલો.
દેવા હોયતો દે દસ લાડુ, નહિંતો મારૂ છુટું આડું.

રાંહોચો—અલ્યા રાભા કાંન એ નારી કાંન વતુ લેનારી;
સગપણ તારૂં સુઈ ગયું, ને કાણ વતુ દેનારી.
બધાં મળીને માણસ બેછે, કહો વધારો કયાંથી લેછે.

ખરપો—એનો છોરો તાં આયોતો લાડુ ખાતાં મેં ભાળ્યોતો;
કપટ કરીને વધારે માગે આપતાં તું તો નવ લાજે.

પટલાંણી—ખરપા કાકા એશું બોલ્યા તમેજ ઘરડા થઇને;
છોરે રાછી ગોર બાધા એ આયોછે ભાત ખાઇને.
માટે લાડુ દો બે એના, નહીંતો લેઇ જાઓ જેનાતેના.

એમ કહી થાળી પછાડી જમીન ઉપર જ્યારે;
રાંહાંચા કાકા બીહી ગયાને લાડુ આપ્યા ત્યારે.

કહું મુખેથી શું વધારો ખોટા ખોટા ચાલ સુધારો.

બાઇઓ આ ઉપરના પીરસણના ચાલથી ઘણી કુનીતિછે. કારણ કે કોઈ વૃદ્ધ, કોઈ જુવાન, પીરસણ આપવા આવે; અને બઇરી કકડા લાડુને માટે ગમે તેમ બોલે, એતે કેવી ગાંડાઈ? પણ આનું મૂળ કારણ કે બઇરીઓને નાતમાં જમવાનું શા માટે નહિં. એમણે શું પેલે અવતાર પત્થર પુંજ્યા હશે? અને પુરૂષો એ એકલાએજ પરમેશ્વરને પુજ્યા હશે કેમ?

પોતાની અર્ધાંગના તેના ઉપર દરેક બાબતમાં આટલો બધો ફેર.?!!

વળી તેમને ભણાવી કેળવણી આપવાની તો વાતજ શાની! બઇરીઓને ભણાવેથી તે ઘરનું ખાનગી નામું ઠામું રાખે. પોતે કેળવણી પામેલી હોવાથી છોકરાંને સારી સ્થિતિમાં ઊછેરી નાનપણથી સ્વચ્છ રેહેવાની ટેવ પાડે, પોતે ઘર આંગણું વીગેરે સાફ રાખે. છોકરાંને નીતિ આપે, અને ધણીને રળવાના વખતમાં ઉમેરો કરી આપે. કારણ કે ઘરના હિસાબ વીગેરેનું પોતે કામ ચલાવે, તેથી ઘર તરફની પુરૂષને ફીકર રહે નહિં. હરકોઈ વાતમાં સારી સલાહ આપે, કોઈ દિવસ કજીઓ કે કંકાસ થવા ન દે, વીગેરે ઘણા ઘણા ફાયદા સ્ત્રી કેળવણીથી છે, પણ બાપા એમાંનું કાંઈ લેખવતા નથી. પણ શું બાપાને એકડા ઉપર મીંડું કરતાં ન આવડતું હોયતો બઇરીને કેળવણી આપવાની વાતજ શાની હોય?

ઉપરના ખોટા રીવાજો સુધારે, અને સારા રીવાજો પ્રમાણે ચાલે, અને મારા પ્રીયે જ્ઞાતી બંધુઓ ગમે તે પ્રકારે સારી કેળ-

વણી લઈ સુખશાંતીમાં દિવસ નિર્ગમન કરે, એવું હું ઇશ્વર પાસે વારંવાર માગી લઉંછું. પણ આ અભિલાખ ક્યારે પુરા પડશે તેને માટે તાકી રહ્યોછું. કારણ કે કુચાલનો કોઠાર ઘણોજ ભરેલો છે. તે વર્ણવવા બેસતાં પુસ્તકનાં પુસ્તક ભરાઈ જાય તેમ છે. પણ કંઇક ટુંક હકીકત યાદ લાવી મતનો ઉભરો કાઢી નાંખુંછું.

ફટફટ ફેલી નાત વરાફોક, કુધારા એવા ક્યારે જશેરે.
ફટફટ મુવા કેડે માજ શોક, કુધારા.
ફટફટ જાને ચડયું રામસેન, કુધારા.
ફટફટ ગાય ફટાણાં કુવેણ, કુધારા.
ફટફટ બાળ લગનની રીત, કુધારા.
ફટફટ માબાપની એ પ્રીત, કુધારા.
ફટફટ કન્યા વિક્રય કુચાલ, કુધારા.
ફટફટ પેરામણી પૂર બાળ, કુધારા.
ફટફટ રોવા કુટવાની રીત, કુધારા.
ફટફટ કાણે જાવું નિત્ય નિત્ય, કુધારા.
ફટફટ મુએ અફીણ રેલાય, કુધારા.
ફટફટ બારે બારમું થાય, કુધારા.
ફટફટ નહિં ભણાવે સંતાન, કુધારા.
ફટફટ ફોક ધરાવે ગુમાન, કુધારા.
ઝટઝટ જાગો જ્ઞાતિ હિતકાર, કુધારા.
ફટફટ ફીટી જાય ફિટકાર, કુધારા.
ઘટઝટ ઘડો સુધારાની રીત, કુધારા.
નિત્ય નિત્ય ધરી પ્રભુ પદે પ્રીત, કુધારા.

દોહરો.

સુધારા ક્યારે થશે, કુધારા વરજાઈ;
ક્યારે દેખીશ, નાતમાં સુધારા સુખદાઈ.

અરે ! આ કુધારા જોઈ મારૂં મન બહુ અકળાય છે, પણ તેમ કરે કાંઈ વળવાનું નથી. માટે મારા બંધુઓને કાંઈક ચાનક આવી તેઓ જાગૃત થાય, માટે બે બોલે બોલવાની રજા લઉં છું.

ઉઠો ઉઠો વિવેકી વડાવીર, વિનંતી શું વિશેષ કરૂં રે.
રાખો જ્ઞાતિ સ્તંભો જ્ઞાતિનીર, વિનંતી.
દુઃખી દીસે આપણી સઉ નાત, વિનંતી.
ઉઠો કમરકસી હેતે ભ્રાત, વિનંતી.
શું સુધરેલા નથી જન કોઈ, વિનંતી.
શું સ્તબ્ધ બની બેશી રહ્યા જોઈ, વિનંતી.
કરો બોધ સુધારા સંબંધ, વિનંતી.
બાંધો નેકી નવા નવા ખૂબ બંધ, વિનંતી.
જુઓ પંખી જનાવર જાત, વિનંતી.
એક દુઃખી તો કેવો ઉતપાત, વિનંતી.
તમો ગયા તે થકી પણ વીર, વિનંતી.
ધિકધિક તેથી આપણને ધીર, વિનંતી.
જ્યારે સુધારશે નહિં નિજ નાત, વિનંતી.
ભટભટ ભણેલાને શિર ભ્રાત, વિનંતી.
ચક્ષુવાળો બતાવે નહિં પંથ, વિનંતી.
તો તે સાતે અંધાકેરા અંધ, વિનંતી.

રાજા જો ન સુધારે પ્રજાય, વિનંતી.
નક્કી નરકનો અધિકારી થાય, વિનંતી.
યુવા ટોળામાં હોય બે વૃદ્ધ, વિનંતી.
દે ન શિક્ષાતો જાણો ગઈ બુદ્ધ, વિનંતી.
ગારા જ્ઞાતિ હિતેચ્છક ભાઈ, વિનંતી.
ઉઠો સુધારાનાં શસ્ત્ર કર સાઈ, વિનંતી.

દોહરો

સુધારાનાં શસ્ત્ર લઈ, ઉઠો હેતે ભ્રાત;
જરૂર યશ તો આપશે, કૃપાનિધી જગતાત.

---

*જે વિદ્વાન સજ્જનોની દૃષ્ટિએ અહીં સુધી અવલોકન કર્યું હશે, તેઓના સમજવામાં તો એમજ આવશે, કે પાટીદારની જ્ઞાતીમાં દોષમય હાસ્ય યુકત રહેણીનો ભંડાર છે. પણ એ વિચાર તદન દુષિત ગણાય, માટે તે ભૂલ થતી અટકાવવાને તથા પાછળનું વર્ણન સત્યાનુસાર યોગ્ય અનુક્રમે ગોઠવવાને અહીંઆં દૃષ્ટિને વિરામ આપી, મનને સ્વસ્થ કરી, ન્યાયી નિવેદનનો સાર ટુંકામાં જાણી લેવાને વૃત્તિનો ફેરફાર કરવો વ્યાજબી છે.

અત્યાર સુધી જે અવચ્છિન્ન અજ્ઞાન રૂપી અંધકારનું વર્ણન વિચિત્ર રૂપે આપેલું છે તેમાં અતિશયોક્તિ થએલી છે.

---

* હવે પછીના લખાણને માટે ગુણિયલ ગૃહસ્થ રા. રા. ગોકળભાઈ ઝવેરભાઈ પટેલ કરમસદ નિવાશી. હાલ થર્ડયર સ્કોલર અમદાવાદ ટ્રેનિંગ કાલેજમાં છે તેમનો મોટો ઉપકાર માનીએ છીએ—

પણ જે જે સુધારો કરવાની જરૂરછે તે સુધારો કરવાને જ્ઞાતિના સર્વ જનોના મન ઉશ્કેરાય એવો હેતુ ધારીનેજ તેવું વર્ણન આપેલું છે. કદાપિ આટલા દોષો સુધારવાની અગત્ય છે એટલું બતાવવાને ભિન્નરીતે આપેલું વર્ણન લોકપ્રિય ન હોય. પણ એ- ટલું તો નક્કી છે કે જ્ઞાતિના જનોમાં જો પાણી હશે તો તે વર્ણનને તદન પ્રતિકુળ કરવાને વાર લગાડશે નહિં. (મતલબ કે તેમાં બતાવેલા ખોટા રીવાજ બધા દૂર કરશે).

સર્વ પ્રકાશ છે કે હિંદુઓની ઉંચી ગણાતી જ્ઞાતીઓમાંની એક તે પાટીદારની જ્ઞાતિ છે.

પાટીદારની જથાબંધ વસ્તી જે જે ગામોમાં છે; તેમના ઈતિહાસ ઉપરથી પણ જણાય છે કે એક પુરૂષને તાબે જથાબંધ ઘણી જમીન હતી. અને તેથી પ્રાંતીદાર કે પાટીદાર એવું નામ પડવાનો સંભવ પાસે છે. ને તેમ બનેલું હોય.

નિરિક્ષા પૂર્વક નિહાળતાં સબળ કારણો લક્ષમાં આવશે; ને તેથી સ્પષ્ટ જણાશે કે કલંક શુન્ય જ્ઞાતિએ વિભૂતિ સુચક શ્રમ છે. અર્થાત જ્ઞાતિમાં સુધારો કરવાને બહુ શ્રમ પડેછે.

વિચારવાથી જણાશે કે સુધારોક રવાને રસ્તા દર્શાવવાનો પ્રયત્ન કરનાર ઘણો અનુભવી, બુદ્ધિવાન, અને ચતુર હોય તો પણ કદાપિ થાપ ખાઇ જાય, તો પણ એતો નિશ્ચિત છે કે એ- વું વર્ણન બે રીતે અપાય છે. કોઈ કલંકનું વર્ણન દાટી, તેજમય વર્ણનને સુચવી એમજ કહે કે આવા રીવાજ પસંદ કરવા જોઇએ. કોઈ માણસ એમ પણ વર્ણવે કે આટલા આટલા દોષો રહેલા છે તે દૂર કરવા જોઈએ. આ પુસ્તકમાં બીજીરીતે વર્ણન આપે-

લું છે. તેનું કારણ કે પોતે જે રસ્તે જાયછે, તે રસ્તો ખોટો છે. એમ ઘણા ખરાને ગાલગ હોતું નથી. માટેજ દોષ માત્ર બતાવેલાછે.

અમે કહીએ છીએ કે દેશાઈ તથા કુળવાન પાટીદારોમાં સુવિચાર, પ્રશંશનિય પદ્ધતિ, સારૂંજ્ઞાન, સદ્‌ગુણ, સદાચરણ, ઈ-ત્યાદિ સુલક્ષણો તથા સારો સ્વભાવ, નીતિ, એ સર્વ ખ્યાતિદર્શક ચિન્હો વિરાજે છે. પણ તે આખી પાટીદાર જ્ઞાતિમાં પ્રસરે, એમ કરવાની અગત્યતા સુચવીએ છીએ.

અગત્યની સુચના કરવાની એછે કે પાટીદાર જ્ઞાતિની સ-ભા મળી તેમાં પોતાની જ્ઞાતિને સુધારવાના ઉપાય વિષે ચરચા કરવાનો રિવાજ નથી, એ ઘણું શોકજનક છે. અને તેમ ન બને ત્યાંસુધી સુધારો થવાની આશા રાખવી વ્યર્થ છે.

વળી પાટીદાર-જ્ઞાતિનું વિચિત્ર લક્ષણ દુરાગ્રહ છે, દ્રઢતાનો તદ્દન ગેરઉપયોગ કરવામાં આવે છે, પોતાને જે વાત ગમતી ન-હિં હોય, તે ડાહ્યા અને સજ્જનો કહેશે, તોપણ માનવાને પાટીદાર જ્ઞાતિનો કોઈ પણ માણસ ગમે તે સ્થિતિનો હશે તો-પણ ઘણી આનાકાની કરશે, એવી ખોટી દ્રઢતા ઘણી નુકશાનકા-રક છે. વળી પાટીદાર જ્ઞાતિના જનોનું બીજું લક્ષણ એ છે કે સ્પર્ધાને બદલે અદેખાઈથી એક બીજાની આંખ વઢે છે.

જ્ઞાતિના બધા જનોના મનમાં એવો અંકુર ફૂટે કે જ્ઞાતિ-નો ઊદય કરવોજ છે. તો આ બધા દોષત જવાનું કંઈ વલણ થવા માંડે; અને ડગલે ડગલે આવતી અડચણોને ક્ષય લાગતાં લોપ થાય, ખૂણામાં જઈને બે માણસો છાની વાત કરે છે ને પણ દુનિયાથી ભાગ્યેજ અજાણી રહે છે. તો આ વિચાર તો

ખુલ્લી હવામાં વેરાતા મૂકેલા છે. તેથી ધારવામાં આવે છે કે પાટીદાર જ્ઞાતિના દરેક જનથી અજાણ્યા રહેશે નહિં. તોપણ જ્ઞાતિમાં જેનુ વજન છે, ને જેનું કરેલું કે કહેલું કેટલેક દરજ્જે માન્ય થાય છે, તેના સદ્ગૃહસ્થો યત્ન કરે તો વેહેલો પ્રકાશ થાય. આ પ્રમાણે વિચાર સર્વના જાણવામાં આવશે, તો આશા રાખવામાં આવે છે કે પાટીદાર ભાઇઓ પોતાની જ્ઞાતિને ઉજ્જવળતામાં આણી શકશે, માટે દોષ દૂર કરી સુધરવા, અને સુધરાવવા યત્ન કરવો જોઇએ. પરમારથ એ જગત્વાશીનો ધર્મ છે, તેજ પ્રમાણે જ્ઞાતિના જનોની પણ ફરજ છે કે પોતાની જ્ઞાતિના રીવાજોને અને કરણીને સુધારી તેમની સ્થિતિને તેજમય કરવાને બનતી મેહેનત લઈ આવા કામમાં પાછળ પડવું નહિં જોઇએ. ઈશ્વર પાસે પણ વારંવાર યાચીએ છીએ કે અમારી પાટીદાર જ્ઞાતિના જનોના વિચાર સુધારી તેમની સ્થિતિને પૂર્ણ તેજમાં આણી મૂક. એટલું કહી અમારી વિનંતી જ્ઞાતિના માણસોને ધ્યાનમાં લેવાની તસ્દી આપી ક્ષમા યાચીએ છીએ.

સમાપ્ત.

ઘણું સ્તુતી પાત્ર છે કે નિચેના મહારાજા તથા ગુણિયલ સદ્‌ગૃહસ્થોએ અગાઉથી ગ્રાહક થઈ આ પુસ્તકને ઘણું ઉત્તેજન આપ્યું છે. માટે તેમના મુબારક નામ અમર કીર્ત્તિ મેળવી દેશાંતર ફેલાવવાને નિચે દાખલ કરેલાં છે.

નકલ. નામ.

કરાંચી.

૨૫ રા. રા લાલજી હરજીવન મેહેતા. ગુજરાતી હેડમાસ્તર.
૧ મેહેતા બાલાચંદ કલ્યાણજી.

પોરબંદર.

૧૨ મે. શ્રીમંત કુમારશ્રી ભાવસિંહજી પાટવીકુંવર સાહેબ.
૧૦ પવિત્રબાશ્રી સુંદરબા સાહેબ.
૧૦ પુણ્યશાળી બાશ્રી રામબા „

ધરમપોર.

૧૨ પ્રજાપ્રિય મે. શ્રીમંત મહારાણા શ્રી બળદેવજી નારણદેવજી

વાંકાનેર.

૧૦ અસમતપનાર ગુણિયલબાશ્રી જામબા સાહેબ રાજમાતુ.
૫ બાઈશ્રી મુળીબા સાહેબ.
૬ મે. જાડેજા દીપસિંહજી વીભાજી સજનપર.

મહુધા.

૧ પવિત્રગુરૂજી રા. રા. હાથીભાઈ જોરાભાઈ પટેલ.

સોજીત્રા.

૧૦ રા. રા. લલુભાઈ ઝવેરભાઈ
૩ રા. નરસિંહભાઈ ઈશ્વરભાઈ
૧ તલાટી કેશવલાલ છગનલાલ
૧ છોટાભાઈ મુળજીભાઈ પટેલ
૧ મોતીભાઈ ઇશ્વરભાઈ પટેલ
૧ ઉમેદભાઈ ઈશ્વરભાઈ „

મોટાગોખરવાળા.

૧૦ રા. રા. વૈદ્ય. પ્રેમાનંદ ધનેશ્વર.

રંગપુર.

૭ રા. રા. રણછોડલાલ રાયજી થાણદાર.

ખરસાડ.

૭ રા. રા. દેશાઈ રતનજી દયાળજી

દીઓદર.

૪ દા. સા. નરોતમ અમથાભાઈ.
૧ પા. પીતાંબર જયરામ માસ્તર

ભરૂચ.

૪ રા. રા. ત્રીભોવન દ્વારકાંદાસ.

ચલોડા.

૧ પા. ભવજીભાઈ વીઠલભાઈ.
૧ પા. જેઠાભાઈ લલ્લુભાઈ.

મદનને ઝાંપે.

૪ રા. રા. પુરૂષોતમ નાગર.

લંબો તાબે સિલોન (લંકાં)

૫ વહોરા. હસનઅલી દાઉદભાઇ

બાબરા.

૫ રા રા.મણિલાલ વિ. મોતીચંદ.

૨ રા. ભીમજી કલ્યાણજી.

વડોદરા.

૫ રા. રા. ભગવાંનદાસ નરોતમ દાસ મહેતા.

૧ અમૃતલાલ પ્રભાશંકર.

૧ મણિલાલ વિશ્વનાથ.

પાળજ.

૫ રા. રા. પ્રાણલાલ મોતીરામ.

૫ રા. રા. મોતીલાલ જેશંકર.

૨ રા. સોની. મનસુખ માખવજી.

૧ પટેલ. નાથાભઈ દેસાઇભાઈ.

૧ ,, સોમાભાઈ સંકરભાઈ.

૧ ,, જવેરભાઈ ડુંગરભાઈ.

૧ ,, લલુભાઈ હરીભાઇ.

૧ ,, ઇશ્વરભાઈ ડુંગરભાઈ.

૧ ,, આસાભાઈ મથુરભાઈ.

૧ ,, મનોરભાઈ અજુભાઈ.

૧ ,, સોમાભાઈ રણછોડદાસ.

૧ ,, ચુનીલાલ મોતીલાલ.

૧ ,, ઝવેરભાઈ બાવાજી.

૧ ,, લલુભાઈ રણછોડ દાસ.

૧ ,, મંગળભાઇ સંકરભાઈ.

૧ પંડયા. બેહેચરલાલ જેશંકર.

૧ પંડયા. જેઠારામ દયારામ.

૧ પંડયા. જેસંકર નારણજી.

૧ શા. લલુભાઈ વ્રજલાલ.

૧ શા. ડાહ્યાભાઈ મકનદાસ.

૧ શા. મુળચંદ રણછોડદાસ.

૧ સોની ઇશ્વર ખુશાલભાઇ.

૧ દરજી. મોતીલાલ ભગવાન.

૧ વોહોરા રસુલ હસન.

૧ પગી રણછોડ જેસગ.

પીપળાવ.

૧ રા. પંડયા. બેહેચરલાલ. જેઠારામ.

૧ રા. પટેલ. બાબરભાઇ શંકરભાઈ.

૧ પટેલ. સોમાભાઇ ચુંથાભાઈ.

૧ ભટ. સાકલાલ પ્રેમાનંદ.

૧ રા રા.પંડયા બલુભાઇ નાથજી

૧ પટેલ. રણછોડભાઈ દેશાઇભાઇ-

૧ ,, મનોરભાઈ દેશાઈભાઈ.

૧ ,, લલ્લુભાઈ શીવાભાઈ.

૧ ,, મથુરભાઇ શંકરભાઈ.

૧ ,, ફુલાભાઇ લલ્લુભાઈ

૧ ,, ફુલાભાઈ મથુરભાઇ.

૧ ,, ઝવેરભાઇ જોરાભઈ.

૧ વાળંદ આશા દેવજી.

સુણાવ.

૧ રા. પટેલ, ફીશાભાઈ લલુભાઇ

૧ ,, ,, વલ્લવભાઈ બેહેચરભાઈ.
૧ ,, ,, ફકીરભાઇ ઘેહેલાભાઈ.
૧ ,, ,, ઊમેદભાઈ નનુભાઇ.
૧ ,, ,, મોતીલાલ ગોકળભાઈ.
૧ ,, ,, રણછોડભાઈ જોરાભાઈ.
૧ ,, પંડ્યા. બાઇલાલ ઉત્તમરામ
૧ વોહોરા. સાવજી કરીમ.

કરમસદ.

૧ રા. રા. પટેલ ઇશ્વરભાઈ મો-
મોતીલાલ.
૧ પટેલ. રામભાઇ બાઇલાલ.
૧ ,, મુળજીભાઇ કહાનદાસ.
૧ ,, મણીભાઇ ઉમેદભાઈ.
૧ ,, ગોરધનભાઇ લલ્લુભાઈ.
૧ ,, આશાભાઇ નારાણભાઈ.

રાધનપુર.

૨ રા. રા. દીવાનજી શીવલાલ.
ખુસાલદાસ.

સાદરા.

૨ રા. રા. મુળચંદ ઓત્તમદાસ
૧ રા.બા.નાથાભાઈ હાજીભાઈ

અમદાવાદ ટ્રેનીંગ કોલેજ

૧ રા.પટેલ. યુસફભાઈ અકુજી.
૧ રા. ,, મરઘાભાઈ નાગરભાઇ.
૧ ,, ,, જેઠાભાઈ જીભાઈ.
૧ રા. શા. મોજીલાલ રણછોડ.
૧ રા. પાઠક. જગજીવન કાળીદાસ
૧ રા. ભટ્ટ. હરગોવન ધનેશ્વર.

૧ રા. ઓઝા આણંદજી ઓધવજી
૧ રા.બારોટ ત્રીભોવન દાજીભાઈ
૧ રા.પટેલ કીશોરભાઈ કુબેરદાસ

રાજકોટ.

૧ ત્રવાડી.પીતાંબર વિ.શીવશંકર
૧ ત્રવાડી. જેશંકર વિ. ,,

ધ્રાંગદ્રા.

મે. શ્રીમંત કુમારસીંગ સજન-
સિંહજી.

નડીઆદ.

૧ રા. પા. મોતીભાઇ તળસીભાઇ
૧ ગોર. સાંકળલાલ મૂળજી.

દરાપરા.

૧ પટેલ. જીવાભાઈ દેશાઇભાઈ.
૧ પટેલ. ચુનીલાલ ગરબડદાસ.

થલોડી.

૧ પટેલ. પ્રભુદાસ સંકરદાસ.

ગોધરા.

૧ રા. રા. પ્રાણશંકર કાળીદાસ.

ખંડોલા.

૧ શેઠ. સોરાબજી દાદાભાઈ.

ડુંગરપુર.

૧ મી. પ્રેગજી ભખારીઆ.
૧ મેહેતા. હરીરામ દેવજી.

પાંથાવાડા.

૧ મોદી. ચુનીલાલ ભાઇચંદ.
૧ ભટ. ચુનીલાલ જગન્નાથ.
૧ મે. ફો. સા. રમજાન બાકેલ.

૧ રા. કા સા. મોહનલાલ રાયચંદ
૧ શેઠ. દેવરાજ અણુદાજી.
૧ ત્રવાડી. લલુ દોલતરામ.
૧ ભટ. શીવલાલ જગન્નાથ.
૧ શા. ભુતા પ્રેમાભાઈ.
૧ મેહેતા. રતનચંદ ચેલજી.

જુનાગઢ

૧ શેઠ. સૌભાગ્યચંદ લક્ષ્મીચંદ.
૧ શેઠ. ભગવાનદાસ જીણુભાઈ.
૧ પારેખ. રૂપચંદ ત્રીભોવંનદાસ

અમદાવાદ.

૧ શા. મણીલાલ કેશવલાલ.
૧ દેશાઈ. મોહનલાલ ત્રીકમલાલ.
૧ મણીલાલ મગનલાલ.
૧ ઘાંચી અમથા બેહેચર.
૧ સાંકળચંદ જેસંગભાઈ.
૧ ત્રીકમલાલ રણછોડદાસ.
૧ મી. રણછોડલાલ સુરજરામ.

ધરમજ.

૧ પટેલ. હરીભાઈ લલ્લુભાઈ.
૧ પટેલ. મથુરભાઈ તળસીભાઇ.
૧ ,, નારણભાઇ પ્રભુદાસ.
૧ ,, ગોરધનભાઈ ઝવેરભાઈ.

સાંતલપુર.

૧ સંઘવી. મકનલાલ ફુલચંદ.
૧ સંઘવી. કાળીદાસ પાનાચંદ.
૧ વારૈયા. કેવળ સાંકળચંદ.
૧ રા. મોતીલાલ જેઠારામ. પટેલ.

૧ અભેસંગ ભાઇજી.
૧ ઠક્કર. જવેર ખેંગાર.
૧ સંઘવી. પાનાચંદ નીહાલચંદ
૧ રા. મંછાચંદ ધરમચંદ વકીલ
૧ મે. મગનલાલ વલભજી કા. સા.

ડીસા.

૧ પરી. ફોજાલાલ ગુલાબચંદ.
૧ બાદરમલ હેમરાજ

બ. હાઈસ્કુલ.

૧ મથુરાંદાસ જીવરાજ.
૧ મીઠાભાઇ તળસીભાઈ.
૧ દડીઆ. પરમાનંદ હીરજી.

નવાગામ.

૧ પા. સોમાભાઈ રણછોડદાસ.
૧ પા. સારાભાઈ બાવાભાઈ.
૧ પા. મથુરભાઈ નાનાભાઈ.
૧ પા. તળસીભાઇ ઓતમદાસ
૧ પા. ભલાભાઈ નાથાભાઈ.

ભાદરણ.

૧ પા. વાઘજીભાઈ મથુરભાઈ.
૧ પા. હરીભાઈ અમથાભાઈ.

પીહજ.

૧ પા. અંબાલાલ લખાભાઈ.
૧ પા. મોતીભાઈ તળસીભાઈ
૧ પા. નાથાભાઇ બેચરભાઈ.
૧ ગોર. હરીનારાણ હરગોવન

દેદરડા.

૧ પા. દેશાઇભાઈ બાજીભાઈ.

ઉમરેઠ.

૧ રા. સા. ત્રીકમલાલ દાજીભાઈ
૧ દવે. યશવંતરામ ભુખણજી.
૧ ઠક્કર. હરીલાલ ભાઇશંકર.
૧ પા. રણછોડ અમઇદાસ.

ડાકોર.

૧ પા. માણેકલાલ આરોગ્ય શાગળદાસ.
૧ પા. રણછોડલાલ નારણદાસ

ઉવારસદ.

૧ પા. ગોવીંદભાઇ મથુરભાઈ.

ભાવનગર.

૧ કંટ્રાક્ટ. ગાંડાભાઈ ભીખભાઇ
૧ વોહોરા. પ્રતાપરાય વિ. વજેસંકર.

બજાણા.

૧ રા. રા. ભલા ખીમજી દફતરી.
૧ રા. વાલજી કલ્યાણજી.
૧ રા. ગીરધરલાલ જેઠારામ.
૧ દાકતર સાહેબ. સવચંદ વિ. કરસનજી મોદી.

લીંબડી.

૧ મે. દાદાચંદ્રસિંધજી રાયસિંગજી
૧ મે. દોરાબજી જીવણજી.

કુપડવણજ.

૧ મણીલાલ જાદવરાય.

મોટી ચુંદર.

૧ પા. માધવલાલ જયરામ

વરસોડા.

૧ મેહેતાજી. ગુલાબરામ રાજારામ

રોજકા.

૧ રા. રા. ઝવેરલાલ બાપુજી.
૧ અમરસી બેહેચર બી. આ.
૧ કેશવજી ઝવેર ત્રી. આ.

ભીંટડી.

૧ પરાગજી રૂદરજી દેશાઈ

કલકત્તા.

૧ શેઠ. હાજીઅબદુલ રેહેમાન હાજીઅયુબ.

ભુજ.

૧ મે. રા. રા. તાપીશંકર.
૧ જાનીછગનલાલ નથુરાંમ વકીલ

બોરેલી.

૧ અરદેસરજી જગબેદજી.

ખીમત.

૧ હુસેન અબદુર કરીમ અરબ.

દેહેગામ.

૧ પા. જેસંગભાઇ હાથીભાઈ
૧ પા. મોતીલાલ નાથાભાઇ.
૧ અમીન. વાઘજીભાઈ હાથીભાઇ

વેહેલાલ.

૧ પા. વલવભાઈ નથુભાઈ.
૧ પા. કીશોરભાઇ દાદાભાઇ.
૧ પા. ઈશ્વરભાઇ મનોરભાઇ.

બારેજા.

૧ પા. મોતીભાઈ ગુલાભાઈ.

જાહેરખબર.

અતુલનીય ગુણસાગર ગુર્જરશિરોમણી રા. સા. મહિપતરામ વિરહની હવે થોડીજ નકલો રહીછે માટે દોઢઆનાની તિકેટો મોકલી મંગાવી લેવા ચૂકવું નહિ. નીચેને શિરનામે ઠેકાણા સહીત નામ વિદિત કરશો. (નોટપેડ સિવાયના પત્રથી લખશો)

અગત્યની સૂચના.—

ગૂજરાતી ને ઈંગ્રેજી પ્રવેશક પરીક્ષામાં ગણિતના વિષયમાં ફતેહ મળે તેમજ ગણિતનું થોડું જ્ઞાન હોય તેને પણ દરેક અઘરા દાખલાની સામે જય અપાવનાર ચલિત વિચાર સાનુકુળ થાય એવાં મૂળતત્વોની સમજૂતી સાથે ઉત્તમ ઇચ્છવાલાયક દાખલાઓનો સંગ્રહ જેનું નામ ગણિતસાર રાખ્યુંછે તે પુસ્તક થોડીક મુદતમાં વિદ્વાનોની સેવા બજાવશે માટે પુસ્તક સાથે અમર નામ યુકત કરવું હોય તે ગૃહસ્થો નીચેને શિરનામે પોતાના ચોકસ ઠેકાણા સહીત નોટપેડ સિવાયના પત્રથી નકલ નામ વિદિત કરવા મહેરબાની કરવી અગાઉથી ગ્રાહક થનારને પાંચ આને ને પછીથી આઠ આને આ પુસ્તક મળશે. (ટપાલ ખર્ચ જૂદુ)

ગોકળભાઇ ઝવેરભાઇ અમદાવાદ. ટૂ. કો.

૧ રા. કા સા મોહનલાલ રાયચંદ
૧ શેઠ. દેવરાજ અણુદાજી.
૧ ત્રવાડી. લલુ દોલતરામ.
૧ ભટ. શીવલાલ જગન્નાથ.
૧ શા. જુતા પ્રેમાભાઈ.
૧ મેહેતા. રતનચંદ ચેલજી.

જુનાગઢ

૧ શેઠ. સૌભાગ્યચંદ લક્ષ્મીચંદ.
૧ શેઠ. ભગવાનદાસ જીણાભાઈ.
૧ પારેખ. રૂપચંદ ત્રીભોવનદાસ

અમદાવાદ.

૧ શા. મણીલાલ કેશવલાલ.
૧ દેશાઈ. મોહનલાલ ત્રીકમલાલ.
૧ મણીલાલ મગનલાલ.
૧ ધાંચી અમથા બેહેચર.
૧ સાંકળચંદ જેસંગભાઈ.
૧ ત્રીકમલાલ રણછોડદાસ.
૧ મી. રણછોડલાલ સુરજરામ.

ધરમજ.

૧ પટેલ. હરીભાઈ લલ્લુભાઈ.
૧ પટેલ. મથુરભાઈ તળસીભાઇ.
૧ ,, નારણભાઇ પ્રભુદાસ.
૧ ,, ગોરધનભાઈ ઝવેરભાઈ.

સાંતલપુર.

૧ સંઘવી. મકનલાલ ફુલચંદ.
૧ સંઘવી. કાળીદાસ પાનાચંદ.
૧ વારૈયા. કેવળ સાંકળચંદ.
૧ રા. મોતીલાલ જેઠારામ પટેલ.
૧ અભેસંગ ભાઇજી.
૧ ઠક્કર. જવેર ખેંગાર.
૧ સંઘવી.પાનાચંદ નીહાલચંદ
૧ રા.મંછાચંદ પ્રેમચંદ વકીલ
૧ મે.મગનલાલ વલભજી કા.સા.

ડીસા.

૧ પરી. ફોજાલાલ ગુલાબચંદ.
૧ બાદરમલ હેમરાજ

બ. હાઈસ્કુલ.

૧ મથુરાંદાસ જીવરાજ.
૧ મીઠાભાઇ તળસીભાઈ.
૧ દડીઆ. પરમાનંદ હીરજી.

નવાગામ.

૧ પા. સોમાભાઈ રણછોડદાસ.
૧ પા. સારાભાઈ બાવાભાઈ.
૧ પા. મથુરભાઈ નાનાભાઈ.
૧ પા. તળસીભાઇ આતમદાસ
૧ પા. ભલાભાઈ નાથાભાઈ.

ભાદરણ.

૧ પા. વાઘજીભાઈ મથુરભાઈ.
૧ પા. હરીભાઈ અમથાભાઈ.

પીહજ.

૧ પા. અંબાલાલ લખાભાઈ.
૧ પા. મોતીભાઈ તળસીભાઈ
૧ પા. નાથાભાઇ બેચરભાઈ.
૧ ગોર. હરીનારાણ હરગોવન.

ડેહરડા.

૧ પા. દેશાઇભાઈ બાજીભાઈ.

ઉમરેઠ.

૧ રા. સા. ત્રીકમલાલ દાજીભાઈ
૧ દવે. યશવંતરામ ભુખણજી.
૧ ઠક્કર. હરીલાલ ભાઇશંકર.
૧ પા. રણછોડ અમઇદાસ.

ડાકોર.

૧ પા. માણેકલાલ આરોગ્ય શાગળદાસ.
૧ પા. રણછોડલાલ નારણદાસ

ઉવારસદ.

૧ પા. ગોપીંદભાઇ ગથુરભાઈ.

ભાવનગર.

૧ કંટ્રાકટ. ગાંડાભાઈ ભીખાભાઇ
૧ વોહોરા. પ્રતાપરાય વિ. વજેસંકર.

બજાણા.

૧ રા. રા. ભલા ખીમજી દફતરી.
૧ રા. વાલજી કલ્યાણજી.
૧ રા. ગીરધરલાલ જેઠારામ.
૧ દાકતર સાહેબ. સતચંદ વિ. કરસનજી મોદી.

લીંબડી.

૧ મે. દાદાચંદ્રસિંધજી રાયસિંગજી
૧ મે. દોરાબજી જીવણજી.

કપડવણજ.

૧ મણીલાલ જાદવરાય.

મોટી ચુંદર.

૧ પા. માધવલાલ જયરામ

વરસોડા.

૧ મેહેતાજી. ગુલાબરામ રાજારામ

રોજકા.

૧ રા. રા. ઝવેરલાલ બાપુજી.
૧ અગરસી બેહેચર બી. આ.
૧ કેશવજી ઝવેર ત્રી. આ.

ઊંટડી.

૧ પરાગજી રૂદરજી દેશાઈ

કલકત્તા.

૧ શેઠ. હાજીઅબદુલ રેહેમાન હાજીઅયુબ.

ભુજ.

૧ મે. રા. રા. તાપીશંકર.
૧ જાનીછગનલાલ નથુરાંમ વકીલ

બોરેલી.

૧ અરદેસદજી જમશેદજી.

ખીમત.

૧ હુસેન અબદુર કીમ અરબ.

દેહેગામ.

૧ પા. જેસંગભાઇ હાથીભાઈ
૧ પા. મોતીલાલ નાથાભાઇ.
૧ અમીન. વાઘજીભાઈ હાથીભાઇ

વેહેલાલ.

૧ પા. વલવભાઈ નથુભાઈ.
૧ પા. કીશોરભાઇ દાદાભાઇ.
૧ પા. ઈશ્વરભાઇ મનોરભાઇ.

બારેજા.

૧ પા. મોતીભાઈ ભુલાભાઈ.

જાહેરખબર.

અતુલનીય ગુણસાગર ગુર્જરશિરોમણી રા. સા. મહિપતરામ ચિરત્રની હવે થોડીજ નકલો રહીછે માટે દોઢઆનાની તિકેટો મોકલી મંગાવી લેવા ચૂકવું નહિ. નીચેને શિરનામે ઠેકાણા સહીત નામ વિદિત કરશો. (નોટપેડ સિવાયના પત્રથી લખશો)

અગત્યની સૂચના.—

ગૂજરાતી ને ઈંગ્રેજી પ્રવેશક પરીક્ષામાં ગણિતના વિષયમાં ફતેહ મળે તેમજ ગણિતનું થોડું જ્ઞાન હોય તેને પણ દરેક અઘરા દાખલાની સામે જય અપાવનાર ચલિત વિચાર સાનુકુળ થાય એવાં મૂળતત્વોની સમજૂતી સાથે ઉત્તમ ઇચ્છવાલાયક દાખલાઓનો સંગ્રહ જેનું નામ ગણિતસાર રાખ્યુંછે તે પુસ્તક થોડીક મુદતમાં વિદ્વાનોની સેવા બજાવશે માટે પુસ્તક સાથે અમર નામ યુકત કરવું હોય તે ગૃહસ્થો નીચેને શિરનામે પોતાના ચોક્સ ઠેકાણા સહીત નોટપેડ સિવાયના પત્રથી નકલ નામ વિદિત કરવા મહેરબાની કરવી અગાઉથી ગ્રાહક થનારને પાંચ આને ને પછીથી આઠ આને આ પુસ્તક મળશે. (ટપાલ ખર્ચ જુદું)

ગોકળભાઇ ઝવેરભાઇ અમદાવાદ. ટૂ. કો.

અગાઉના ગ્રાહકો તાકીદે ટપાલ ખર્ચ મોકલાવશો.

ગુણિયલ ગૃહસ્થો ! અમારા તરફથી બાળિકબોધ નામનું પુસ્તક બહાર પડનાર છે, તેમાં સ્ત્રી કેળવણી સંબંધી સારૂ વિવેચન આપવામાં આવશે. તથા હાલ કયા કયા દોષો છે અને તે કયા કયા ઉપાયોથી દૂર કરવા જોઇએ; તથા તેની જગ્યાએ બીજા કયા સારા ગુણો આવવા જોઇએ; તે સંબંધી સવીસ્તર વર્ણન આપવામાં આવશે, એ પુસ્તક રોયલ ૧૬ પેજી ફર્મા ૫ નું થશે, છતાં તેની કીંમત અગાઉના ગ્રાહકો પાસેથી રૂ૦-૨-૬ અને પાછળના ગ્રાહકો પાસેથી રૂ૦-૬-૦ લેવામાં આવશે. ટપાલ ખર્ચ જુદુ પડશે. મુબારક નામ મોકલનારે તા. ૧ જુન સને ૧૮૯૨ પહેલાં પોતાનાં નામ નીચેને સરનામે મોકલવાં. નામ પુસ્તકમાં દાખલ કરવામાં આવશે. અને ચોપડી વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

મોતીલાલ ભીખાભાઈ પટેલ.

પાળજ તાલુકે બોરસદ, જીલ્લે ખેડા.